GJDH010035052025

સત્યમેવ જયતે

રજુ તારીખ : ૧૭.૧૨.૨૦૨૫
દાખલ તારીખ : ૧૭.૧૨.૨૦૨૫
ફેંસલ તારીખ : ૨૪.૦૭.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૭ ૦૭

આંક–

## ફોર્મ–''એ''

| | |
|---|---|
| **દાહોદની સ્પેશ્યલ (પોકસો) કોર્ટ અને ચોથા એડીશ્નલ સેશન્સ કોર્ટ, મુ.દાહોદ**<br>ચુકાદાની તારીખ:૨૪.૦૭.૨૦૨૬<br>**સ્પે.કેસ (પોકસો) નં.૭૨/૨૦૨૫**<br>ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫૧૫૨૫/૨૦૨૫ | |
| ફરીયાદી | **શ્રી સરકાર**<br>(ફરીયાદી : ભોગ બનનારના માતા) |
| ફરીયાદ પક્ષે તરફે | **વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલા** |
| આરોપી | **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઇ સીતા**<br>રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદ |
| આરોપી પક્ષ તરફે | **વિ.વ.શ્રી આર.એચ.હઠીલા** |

## ફોર્મ–''બી''

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦.૧૦.૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૧.૧૦.૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૭.૧૨.૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૨.૦૧.૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૫.૦૨.૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | ૨૪.૦૭.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૪.૦૭.૨૦૨૬ |

| | |
|---|---|
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | ૨૪.૦૭.૨૦૨૬ |

**આરોપીની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનોનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | CRPC કલમ ૪૨૮ /BNSS કલમ ૪૬૮ મુજબ કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઇ સીતા | ૨૧.૧૦.૨૫ | – | બી.એન. એસ. કલમ–૧૩૭ (૨), ૭૪, ૭૫, ૧૨૭ (૨), ૮૭, તથા પોકસો એકટની કલમ–૮,૧૨ મુજબ | દોષિત | – | UTP ૨૧.૧૦.૨૫ થી ૨૪.૦૭.૨૬ |

**–:: ચુકાદો ::–**

(નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અને કાયદાની જોગવાઇને લક્ષમાં રાખી સદરહું ચુકાદામાં ભોગ બનનારનાં નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ "**ભોગ બનનાર**" તરીકે ઉલ્લેખ કરેલ છે.)

**ગુનોઃ - <u>ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭, તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૮,૧૨ મુજબનો.</u>**

**૧.** આ કામના આરોપી સામે ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫ ૧૫૨૫/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં "બી.એન.એસ." તરીકે સંબોધેલ છે) ની કલમ-૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭, તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ (જેને હવે પછી ટુંકમાં "પોકસો" તરીકે સંબોધેલ છે) ની કલમ-૮,૧૨ મુજબના ગુના નોંધાયેલ છે.

**<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકતઃ-</u>**

**૨.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો ફરીયાદી/ ભોગ બનનારની માતાએ તા.૨૧.૧૦.૨૦૨૫ ના રોજ એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, તેઓ પતિ સાથે હાલ ફતેપુરા ખાતે રહે છે. તેઓને સંતાનમાં એક છોકરો ઉ.વ.૧૦ નો તથા એક છોકરી ઉંમર ૧૨ વર્ષ ૯ માસની છે જે ધોરણ-૮ માં અભ્યાસ કરે છે અને તેઓની છોકરીની જન્મ તારીખ- ૨૮.૧૧.૨૦૧૨ ની છે. ગઇ તા.૧૭.૧૦.૨૦૨૫ ના રોજ તેમની ભોગ બનનાર દિકરી તેમની બહેનના ઘરે ઝાલોદ ખાંટવાડા ખાતે રોકાયેલ હતી અને તેઓ તથા તેમના પતિ ફતેપુરા ખાતે હતા. તા.૨૦.૧૦.૨૦૨૫ના રાત્રીના બારેક વાગ્યાના સમયે ઝાલોદથી તેઓના ભત્રીજા જયદીપનો મોબાઇલ ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, ''તમારી છોકરી xxx અમારા ઘરેથી ક્યાક જતી રહેલ છે અને તેની શોધખોળ કરતા મળતી નથી'' એમ જાણ કરતા તેઓ તથા તેમના પતિ અને છોકરો એમ ઝાલોદ ખાતે આવવા નીકળેલા અને રાત્રીના ત્રણેક વાગ્યે ઝાલોદ ખાંટવાડા ખાતે તેમની બહેનના ઘરે આવેલ હતા અને તેમની બહેનને તેમની ભોગ બનનાર દિકરી વિશે પુછતા તેમની બહેને જણાવેલ કે '' રાત્રીના નવેક વાગ્યાના સમયે હું ઘરની બહાર હતી અને તમારી છોકરી પણ અમારી સાથે ઘરની બહાર ઉભેલ હતી આ વખતે મારા ભાઈનો છોકરો આવેલો અને તમારી છોકરી સાથે

મજાક મસ્તી કરેલ તે બાદ મારી મોટી બહેન ઘરમાં ટી.વી.માં સીરીયલ જોતા હોય હું પણ સીરીયલ જોવા ઘરમાં ગયેલ દરમ્યાન છોકરી ઘરની બહાર હતી અને થોડી વાર પછી છોકરી ઘરની બહાર જોવા ન મળતા અમોએ આજુબાજુમાં શોધખોળ કરતા મળેલ નથી'' તેમ જાણ કરતા હકીકત જાણેલ અને તેઓએ તેમની છોકરીની શોધખોળ ચાલુ રાખેલ અને આજરોજ તા.૨૧.૧૦.૨૦૨૫ રોજ સવારના આઠેક વાગ્યે તેમની છોકરી ઘરે ગભરાયેલી આવેલ અને તેઓને જાણ કરેલ કે, ''ગઈ રાત્રીના નવેક વાગ્યાના સમયે હુ ઘરના ઓટલા ઉપર ઉભેલ હતી તે દરમ્યાનમાં આપડા ઘરની સામે રહેતો છોકરો સાહીલ ઉર્ફે શેહબાજ આરીફ સીતાનાઓ મારી પાસે આવેલો અને એકાએક મારી પાસે આવી મારૂ મોઢુ દબાવી મને જોર જબરજસ્તીથી ખેંચીને તેના ઘરના ઉપરના માળે લઈ જઈ મારી છાતી દબાવી, મને કીસ કરેલ અને મારી સાથે છેડછાડ કરી શારીરિક ખેંચતાણ કરતા મેં તેને લાત મારી તેની પાસેથી છુટી બાથરુમમાં ભરાઇ ગયેલ અને બાથરૂમનો દરવાજો મે અંદરથી બંધ કરી દેતા તેણે પણ બહારથી દરવાજાને હેન્ડલથી બંધ કરી દીધેલ અને તે તેના ઘરની લાઇટો બંધ કરી નીચે ઉતરી ગયેલ, આ વખતે હું ત્યા આગળ આવેલ બાથરૂમમાં દરવાજો બંધ કરી અંદર બેસી રહેલ અને આજરોજ સવારના આઠેક વાગ્યાના સમયે બાથરૂમનો દરવાજાને મે ખુબ ખેંચતાણ કરતા દરવાજો ખુલી જતા ઉપલા માળેથી હું નીચે ઉતરતી હતી આ વખતે પણ આ છોકરો સાહીલ ઉર્ફે શેહબાજ આરીફ સીતાનાનો નીચે દરવાજા પાસે ઉભેલ હોય મને કાંડાના ભાગે પકડી ખેંચતાણ કરતા હું તેની પાસેથી છુટી ભાગીને અહિંયા આવેલ છું.'' એવી વાત તેઓને કરેલ હતી. જેથી અત્રે વખતે તેમની ભોગ બનનાર છોકરીને શહબાજ આરીફ સીતા નાનો કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી લઈ જઈ તેના ઘરના ઉપલા માળે લઈ જઈ, તેણીની સાથે શારીરિક સતામણી કરી, તેની આબરુ લેવાની કોશીષ કરી,

બાથરૂમમાં ગોંધી રાખેલ હોય કાયદેસરની તપાસ થવા ફરીયાદ આપેલ છે.

3. ફરીયાદને આધારે ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઇ.એ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ, ફરીયાદ મુજબનો ગુનો દાખલ કરી, ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતા, તપાસ કરનાર અમલદારે તપાસના કામે ભોગ બનનારની ઉંમર સંબંધે જરૂરી આધાર પુરાવાઓ મેળવી, તપાસના કામે સામેલ રાખેલ, તપાસના કામે લાગતા વળગતા સાહેદોના વિગતવારના નિવેદનો લીધેલ, પંચો રૂબરૂ ભોગ બનનારે બતાવેલ જગ્યાનું પંચનામુ કરેલ તેમજ આરોપી તથા ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેના પંચનામાં કરેલ તેમજ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવવા અંગેની જરૂરી યાદીઓ કરી, તેઓની મેડીકલ તપાસ અંગેના જરૂરી પ્રમાણપત્રો મેળવી તપાસના કામે સામેલ રાખેલ, મુદામાલ એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે મોકલી આપેલ, તે પણ તપાસના કામે સામેલ રાખેલ, તેમજ ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન લીધેલ, તે તમામ કેસ પેપર્સ સાથે સામેલ રાખી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૧ મુજબ ખાસ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ. જે સ્પે. પોકસો કેસ નં.૭૨/૨૦૨૫ થી નોંધાયેલ છે.

૪. આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી આર.એસ.હઠીલા હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૦૩ થી તા.૦૨.૦૧.૨૦૨૬ ના રોજ અત્રેની અદાલત ધ્વારા આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭ તથા જાતિય

ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮,૧૨ મુજબના ગુનાઓ અંગેનું આંક ૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરેલ, જેમા આરોપીએ તેમની સામેનાં આક્ષેપિત ગુનાઓનો સ્પષ્ટ ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## ફોર્મ–''સી''

૫. આરોપી વિરૂધ્ધ આંક–૦૩ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**(એ) ફરીયાદ પક્ષે મૌખિક પુરાવો :–**

| ક્રમ નંબર | સાહેદ નંબર | આંક | નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |
| ૧ | ૧ | ૦૬ | ભોગ બનનારની માતા | ફરીયાદી |
| ૨ | ૨ | ૦૮ | ભોગ બનનાર | સાહેદ |
| ૩ | ૩ | ૧૦ | ભોગ બનનારના પિતા | સાહેદ |
| ૪ | ૪ | ૧૧ | ભોગ બનનારના માસી (નાના) | સાહેદ |
| ૫ | ૫ | ૧૨ | ભોગ બનનારના માસી (મોટા) | સાહેદ |
| **તબીબી સાહેદો** | | | | |
| ૬ | ૬ | ૧૩ | ડૉ.જયરાજ સીંગરાજ દેવધા | મેડીકલ ઓફીસર |
| **અન્ય સાહેદો** | | | | |
| ૭ | ૭ | ૨૬ | મોહમદ નિસાર અબ્દુલ મજીદ મનસુરી | સબ રજીસ્ટ્રાર |
| **પંચ સાહેદો** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ૮ | ૩૦ | રઘુનાથ મંગલજી ભોઇ | પંચ |
| ૯ | ૯ | ૩૨ | ગણેશભાઇ શંકરભાઇ ભોઇ | પંચ |
| ૧૦ | ૧૦ | ૩૮ | પ્રદિપભાઇ ભાવસીંગભાઇ બીલવાળ | પંચ |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૧૧ | ૧૧ | ૪૩ | રવિકુમાર જમુભાઇ ગામીત | ત.ક.અ. |

**<u>(બી) બચાવ પક્ષે તરફે :–</u>**

| **સાહેદ નંબર** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| – | કોઇ સાહેદ તપાસેલા નથી. | – | – |

**<u>(સી) અદાલત ધ્વારા :–</u>**

| **સાહેદ નંબર** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| – | કોઇ સાહેદ તપાસેલા નથી. | – | – |

**<u>(એ) ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ નંબર** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |
| ૨ | ૦૯ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| ૩ | ૧૪ | ભોગ બનનારની મેડીકલ તપાસણી અંગેની પોલીસ ચાદી |
| ૪ | ૧૫ | ભોગ બનનારનું શારિરીક તપાસ અંગેનું સંમતિ પત્રક |
| ૫ | ૧૬ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલો પો.સ્ટે.માં સોંપ્યા અંગેની ચાદી |

| | | |
|---|---|---|
| ૬ | ૧૭ | ફેરબદલી ફોર્મ |
| ૭ | ૧૮ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૧૯ | ભોગ બનનારના ગાયનોકોલોજીસ્ટ તપાસના કેસ પેપર્સ, પ્રોવિઝનલ સર્ટી તથા રીપોર્ટસ અસલ |
| ૯ | ૨૦ | ભોગ બનનારના એક્ષ–રે ફિલ્મ (નંગ–૩) |
| ૧૦ | ૨૧ | રેડીયોલોજી વિભાગનો અભિપ્રાય |
| ૧૧ | ૨૨ | આરોપીની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |
| ૧૨ | ૨૩ | આરોપીનું શારિરીક તપાસ અંગેનું સંમતિ પત્રક |
| ૧૩ | ૨૪ | આરોપીના મેડીકલ સેમ્પલો પો.સ્ટે.માં સોંપ્યા અંગેની યાદી |
| ૧૪ | ૨૫ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૫ | ૨૭ | ભોગ બનનારનો જન્મનો દાખલો મેળવવા અંગેની પોલીસ યાદી |
| ૧૬ | ૨૮ | જન્મ રજીસ્ટરની નોંધણી ક્રમાંક–૯૬ ની નકલ |
| ૧૭ | ૨૯ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૧૮ | ૩૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૯ | ૩૩ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૦ | ૩૪ થી ૩૭ | ભોગ બનનારના કપડા કબજે કર્યા અંગેની પંચ કાપલીઓ કુલ–૩ |
| ૨૧ | ૩૯ | આરોપીનું શરીર સ્થીતીનું તથા કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૨૨ | ૪૦ થી ૪૨ | આરોપીના કપડા કબજે કર્યા અંગેની પંચ કાપલીઓ કુલ–૩ |
| ૨૩ | ૪૪ | સુચિપત્ર |

| | | |
|---|---|---|
| ૨૪ | ૪૫ | મુદામાલ એફ.એસ.એલ.વડોદરા મોકલ્યો તેની રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૨૫ | ૪૬ | મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોંચ |
| ૨૬ | ૪૭ | એફ.એસ.એલ.વડોદરાનો પત્ર તથા રીપોર્ટ |

## (બી) બચાવ પક્ષે તરફે :–

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. |

## (સી) અદાલત ધ્વારા :–

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. |

## (ડી) મુદામાલની વિગતો :–

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | લેડીઝ ટોપ | એ |
| ૨ | લેંઘો (લેઘીસ) | બી |
| ૩ | જાંગીયો (સ્ત્રી) | સી |
| ૪ | સ્લીપ (સ્ત્રી) | ડી |
| ૫ | ટી શર્ટ (પુરૂષ્) | ઇ |
| ૬ | નાઇટી પેન્ટ (પુરૂષ) | એફ |
| ૭ | જાંગીયો (પુરૂષ) | જી |
| ૮ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલો | એચ, જે |
| ૯ | આરોપીના મેડીકલ સેમ્પલો | આઇ |

૬. ફરીયાદ પક્ષે આંક–૪૮ થી વધુ પુરાવો આપવા માંગતા ન હોય, ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી છે. ફરીયાદ પક્ષનો પુરાવો નોંધી લીધા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમા આરોપીએ પોતાની વિરુદ્ધનાં પુરાવાનો સ્પષ્ણપણે ઇન્કાર કરેલ છે, અને પોતાની વિરુદ્ધ ખોટો કેસ કરેલાનું જણાવે છે. આરોપીએ સોગંદ પર પુરાવો રજુ કરવા તથા બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષમાં એવુ જણાંવેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓ સામે ખોટી ફરીયાદ દાખલ કરી, સદર ગુનામાં ખોટી રીતે સંડોવી, પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

૭. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલા તથા આરોપીના વિ.વ.શ્રી આર.એચ.હઠીલાની દલીલો સાંભળી.

૮. આ કામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલાએ રજુઆત કરી જણાવેલ છે કે પ્રોસીકયુશને આંક–૦૩ થી ફરમાવેલ તહોમતનામું મૈખિક તથા દસ્તાવેજી પુરાવાથી શંકારહિત સાબિત કરેલ છે અને તેઓએ એવી રજુઆત કરેલ છે કે, આંક–૨૯ થી રજુ જન્મનું પ્રમાણપત્ર જોતાં તેમાં ભોગ બનનારની જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨ છે જે મુજબ બનાવ સમયે ભોગ બનનાર **૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની હતી.** એટલે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. આમ, બનાવ સમયે ભોગ બનનાર માત્ર ૧૨ વર્ષની બાળકી હતી તે નજર સમક્ષ રાખી ભોગ બનનારનો પુરાવો જોતાં, આરોપી ભોગ બનનારનું મોઢુ દબાવી પોતાના ઘરના બીજા માળે લઇ જઇ ભોગ બનનાર ઉપર જાતિય હુમલો કરેલો અને ભોગ બનનાર પોતાના બચાવમાં આખી રાત આરોપીના ઘરના બાથરૂમમાં બેસી રહેલ છે તેવું સ્પષ્ટ રેકર્ડ ઉપર આવે છે, જે હકીકતોનું ખંડન થાય તેવી કોઇ હકીકત બચાવ

પક્ષ ભોગ બનનારની ઉલટ તપાસ થકી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી જેથી ભોગ બનનારનો પુરાવો નહી માનવા કોઇ કારણ રહેતુ નથી. વધુમાં ભોગ બનનારે સવારે ઘરે આવતાં, તે બાબતે પુછતાં, ભોગ બનનારના માતા–પિતા અને માસીઓને બનાવની જાણ થયેલ છે. આમ, ભોગ બનનારના માતા–પિતા અને અન્ય સાહેદોની જુબાનીથી ભોગ બનનારની જુબાનીને સમર્થનપ્રાપ્ત થાય છે, તેમજ તબીબી સાહેદ અને પોલીસ સાહેદના પુરાવા થકી કેસ સાબિત કરેલ છે. અંતમાં તેઓએ રજુઆત કરેલ છે કે આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોક્ત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરૂધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી તેથી ફરીયાદ પક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

૯. આ કામે આરોપી પક્ષે તેમના વિ.વ.શ્રી આર.એચ.હઠીલાએ દલીલ કરી જણાવેલ છે કે, પ્રોસીકયુશન આંક–૦૩ વાળુ તહોમતનામું શંકારહિત સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતાં, સૌથી મહત્વનો ભોગ બનનાર સાહેદનો પુરાવો છે જેમાં ભોગ બનનારે બનાવ બાબતે પોલીસ સમક્ષના નિવેદનમાં, બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં, ડૉકટર સમક્ષ જણાવેલ હિસ્ટ્રીમાં અને કોર્ટ સમક્ષના પુરાવામાં વિરોધાભાસ હકીકત જણાવેલી હોય, ભોગ બનનારના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં ભોગ બનનારે ઉલટ તપાસમાં પોલીસે તેની જે પુછપરછ કરેલી તે તેની મમ્મી લખાવતી હતી તેમ કબુલ રાખેલ છે. આમ, ભોગ બનનારને સમજાવી જુબાની અપાવેલ હોવાનું અને શીખવાડેલ સાહેદ હોવાનું જણાઇ આવે છે. વધુમાં ભોગ બનનારના માતા–પિતાનો તથા ભોગ બનનારની બંને માસીઓનો પુરાવો જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેમજ આરોપી અને તેઓ એક જ ફળીયામાં રહેતા

હોવાનું અને ઘરે બેસી ગોઠવણ કરી આગેવાનો સાથે ફરીયાદ આપવા ગયેલ હોવાનું અને ફરીયાદ મુજબ તેઓના નિવેદનો નોંધેલ હોવાનું કબુલ રાખેલ છે. આમ, આગેવાનો સાથે ગોઠવણ કરી ફરીયાદ આપેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવતુ હોય, ભોગ બનનારના માતા–પિતા અને અન્ય સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં ફરીયાદીના ઘરની આજુબાજુ અન્ય રહેણાંકના મકાનો આવેલ હોવા છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી કે તેઓને આ કામે તપાસવામાં આવેલ નથી અને માત્ર નજીકના સગાઓને તપાસેલ હોય ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં રજુ મેડીકલ પુરાવો જોતાં ભોગ બનનારના શરીર ઉપર કોઈ આંતરીક કે બાહય ઈજા થયેલ નથી કે તે સંબંધી સમર્થનકારક પુરાવો નથી તેમજ એફ.એસ.એલ.રીપોર્ટમાં પણ સમર્થનકારક પુરાવો આવેલ નથી અને તેથી ભોગ બનનારના પુરાવાને મેડીકલ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ભોગ બનનારના પુરાવામાં શંકા ઉભી થાય છે. વધુમાં પંચોની જુબાનીથી પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષ આક્ષેપિત તહોમત સચોટ, સબળ, માનવાલાયક પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે, જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૧૦.** આ કામે બંને પક્ષકારોની રજુઆતો અને પુરાવાને ધ્યાનમાં લઇ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુદાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

(૨) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦.૧૦.૨૦૨૫ ના કલાક ૨૧:૦૦ થી કલાક ૦૮:૦૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી ઉંમર ૧૨ વર્ષ, ૦૯ માસનીને કાયદેસરના વાલીપણાના હકકમાંથી બળજબરીથી અપહરણ કરી તમો આરોપીના ઘરના ઉપલા માળે લઈ જઈ શારીરિક છેડછાડ તથા ખેંચતાણ કરી આબરૂ લેવાની કોશીષ કરી, તમો આરોપીના ઘરના બાથરૂમમાં ગોંધી રાખી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨),૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં ભોગ બનનારને અપહરણ કરી, તમો આરોપીના ઘરના ઉપલા માળે લઈ જઈ શારીરિક છેડછાડ તથા ખેંચતાણ કરી આબરૂ લેવાની કોશીષ કરી, તમો આરોપીના ઘરના બાથરૂમમાં ગોંધી રાખી પોકસો એકટની કલમ-૮,૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૪) શું હુકમ?

**૧૧.** ઉપરોકત મુદ્દાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક
(૨) હકારાત્મક
(૩) હકારાત્મક
(૪) આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**<u>મુદા નં.૧ ની ચર્ચા</u> :–**

**૧૨.** હવે, આંક–૦૩ થી આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮,૧૨ મુજબના ગુનાઓ અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જે પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત સ્પષ્ટપણે પુરવાર કરવી પડે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી અને એ હકીકત નિર્ણિત કરવી ખૂબ જ જરૂરી છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાનમાં લેતા તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહે છે. પોકસો એકટની **કલમ–૩૪** વંચાણે લેતા બાળક ધ્વારા થયેલ ગુનાના કિસ્સામાં અને ખાસ અદાલત ધ્વારા તેની ઉમર અંગે અનુમાન કરવા માટે અનુસરવાની કાર્યરીતીની જોગવાઇ કરવામાં આવેલ છે. સૌપ્રથમ ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે **નામ.સર્વોચ્ચ અદાલતે ક્રિમિનલ અપીલ નં. ૪૪૨/૧૦ (સુપ્રિમ કોર્ટ) સ્ટેસ ઓફ એમ.પી. વિરુદ્ધ અનોપસિંહ તેમજ ૧૯૯૬(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૧૮૪** વિગેરે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેવા જરૂરી છે. સુપ્રીમ કોર્ટે ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,

In the case of **State of Madhya Pradesh vs.Anoop Singh reported in 2015(7) SCC-773** wherein it is held that, in rape cases, while determining the age of victim, the provisions of Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007, More particularly, Rule 12(3) is required to be taken into consideration.

The Hon'ble Supreme Court in the case of **Jairnail Sing vs. State of Haryana, reported in 2013(7) SCC 263** held that the provisions of the Juvenile Justice Act and Rules would equally

apply to determine the age for both a victim as well as an accused person.

In the case of **Mahadeo s/o Kerba Maske vs. State of Maharashtra (2013) 14 SCC 637, has held 12(3)** of the JJ Rules, 2007 is applicable in determining the age of the victim of rape. Rule 12 of the Rules categorically envisages that the medical opinion from the medical board should be sought only when the matriculation certificate or school certificate or any birth certificate issued by a corporation or by any Panchayat or municipality is not available.

**Rule 12(3) of Juvenile Justice Act** (Care and Protection Act) is as under:-

When such person is not released on bail under sub section 9(1) by the Board, it shall make an order sending him to an observations home or a place of safety, as the case may be for such period during the pendency of the inquiry regarding the person as may be specified in the order. It would be also relevant to refer section 94 of amended Juvenile Justice Act, 2015.

**Section 94 Presumption and determination of age** section 94 of the JJ Act 2015, also provides the procedure to determining the age. The said provision is in context with the age determination of child in conflict with law.

(1) where, it is obvious to the committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observations stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or

section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available, and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayant;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee of the Board.

**૧૩.** નામદાર સુપ્રિમ કોર્ટે ઉમર સંબંધેના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જન્મનો દાખલો શ્રેષ્ઠ પુરાવો ગણાય તે જ રીતે **૧૯૯૬(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૩૮૪, કેદારનાથ વિ.સ્ટેટ ઓફ દિલ્હી તથા ૧૯૯૬(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૩૮૪ તથા ૧૯૯૭, ક્રિમીનલ લો જર્નલ, પેઈજ નં.૨૮૪૨, જીત મોહન લુહાર વિ.સ્ટેટના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતાં, ભોગ બનનાર જયારે બનાવ સમયે સગીર વયની હોય અને તેની ઉમર સંદર્ભે જયારે ફરીયાદ પક્ષ ધ્વારા શાળાના રજીસ્ટરનો ઉતારો કે જન્મના પ્રમાણપત્રનો પુરાવો અને તે બંને પુરાવા ન હોય તો મેડીકલ તપાસણી (ossification test or radiology test )દરમ્યાન નકકી કરવામાં આવેલ ઉંમર લક્ષમાં લેવી જોઈએ.

**૧૪.** આ ગુનાના કામે બનાવ **તા.૨૦.૧૦.૨૦૨૫** ના રોજ બનેલ છે જેથી બનાવ વખતે આ કામના ભોગ બનનાર સગીર હતા કે કેમ? તે હકીકત અંગે આ કામે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાના આધારે નકકી કરવી રહી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાનમાં રાખીને બંને પક્ષો તરફે થયેલા રજુઆતો તથા ફરીયાદ પક્ષે રજુ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો જોવામાં આવે તો, આ કામે **સાહેદ નં.૦૧ તરીકે ફરીયાદી/ભોગ બનનારની માતાનો** મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો **આંક–૦૬** થી સોગંદ પર તપાસેલ છે જેમા તેમણે જણાવેલ છે કે તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તા.૨૮.૧૧.૨૦૧૨ છે અને ધોરણ–૮ માં અભ્યાસ કરે છે તેમ જણાવેલ છે. **સાહેદ નં.૦૨ તરીકે ભોગ બનનારનો આંક–૦૮** રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, ભોગ બનનારે તેણીની જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨ અને તેણીની ઉંમર ૧૨ વર્ષની હોવાનું જણાવેલ છે. **સાહેદ નં.૦૩ તરીકે ભોગ બનનારના પિતાનો આંક–૧૦** થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨ છે અને ધોરણ–૮ માં અભ્યાસ કરે છે તેમ જણાવેલ છે. બચાવ પક્ષ દ્વારા ઉપરોકત મહત્વના સાહેદોની જુબાનીમાં ભોગ બનનારની ઉંમર સંદર્ભે કોઈપણ પ્રકારની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને તે રીતે મુખ્ય સાહેદોનો પુરાવો બિનપડકારેલ અને અનચેલેન્જ રહેલ છે.એટલે કે મહત્વના સાહેદોના પુરાવા થકી **બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષની હોવાનું અને જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨ હોવાનું જણાઈ આવે છે.**

**૧૫.** હવે, ફરીયાદ પક્ષ તરફથી ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે મહત્વના **સાહેદ નં.૦૭ તરીકે મોહમદ નિસાર અબ્દુલ મજીદ મનસુરીને આંક–૨૬ થી તપાસેલ છે.** આ સાહેદનો સોગંદ ઉપર રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો તેઓ ગોધરા નગર પાલીકામાં સબ

રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. સદર સાહેદની જુબાની થકી **આંક–૨૮ થી જન્મ–મરણ રજીસ્ટરનો ઉતારો અને આંક–૨૯ થી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે.** જે મુજબ જન્મ–મરણ રજીસ્ટરની પ્રથમ નોંધ ક્રમ નં.૮૧ થી તા.૦૧.૦૧.૨૦૧૩ થી શરૂ કરેલ છે અને છેલ્લી નોંધ ક્રમ નં.૧૦૦ થી ૦૧.૦૧.૨૦૧૩ સુધીની છે, જેમાં ક્રમ નં.૯૬ ઉપર ભોગ બનનારનું નામ, તેણીના માતા–પિતાનું નામ, જન્મ સ્થળમાં હોસ્પીટલનું નામ, **જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨** ની નોંધ કરવામાં આવેલ છે અને આ જન્મ તારીખની નોંધણી તા.૦૧.૦૧.૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ છે, જે અસલ રજીસ્ટરના સંબંધિત પાનાની નકલ આંક–૨૮ થી રજુ રખેલ છે તેમજ ભોગ બનનારનો જન્મનો દાખલો આંક–૨૯ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે.

**૧૬.** સદર સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં જન્મની નોંધણી થઈ તે વખતે બાળકનું નામ લખેલુ ન હતુ, ભોગ બનનારનું નામ પાછળથી કયારે લખાવેલુ તેની તારીખ લખેલ નથી, ભોગ બનનારનું નામ કયારે અને કોણે લખાવેલું તે કહી શકુ નહી, આંક–૨૮ વાળા પ્રમાણપત્રમાં માહીતી આપનારની તથા રજીસ્ટ્રારની સહી નથી અને નોંધણી કરનાર વ્યકિત કોણ હતુ તે તેઓ કહી શકે નહી તેમ કબુલ રાખેલ છે. વધુમાં નોંધણી તારીખ રજીસ્ટરમાં ખોટી નોંધેલી છે તેમજ તપાસ કરનાર અધિકારીના કહેવાથી ખોટો દાખલો આપેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

**૧૭.** હવે, આ સાહેદના પુરાવાની મુલવણી કરવામાં આવે તો સદર સાહેદ ગોધરા નગર પાલીકામાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે અને તેમની ફરજના ભાગરૂપે સરકારી નિયમો મુજબ રજીસ્ટરમા કરવામા આવેલ નોંધ મુજબની હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે અને તે સંદર્ભે બચાવપક્ષ તરફથી ઉલટતપાસમાં જે પણ પ્રશ્નોત્તરી કરેલ

છે તે થકી એવી કોઈ ફળદાયી હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેથી ભોગ બનનારની જન્મ તારીખ અને રજીસ્ટરમાં નોધાયેલ વિગતો અનુસંધાને કોઈ શંકા ઉપસ્થિત થાય. આ સાથે જન્મની નોંધણી આંક–૨૮ વાળું જન્મ રજીસ્ટર ધ્યાને લેવામાં આવે તો એ મહત્વની બાબત બની રહે છે કે ભોગ બનનારની જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨ છે અને તેની નોંધણી તા.૦૧.૦૧.૨૦૧૩ ના રોજ એટલે કે જન્મના માત્ર ચાર દિવસ બાદ કરવામાં આવેલ છે. આંક–૨૮ વાળા જન્મ રજીસ્ટરમાં ભોગ બનનારનુ જન્મ સ્થળમાં નવજીવન હોસ્પીટલ અને માહિતી આપનારના નામમાં ડૉ. અલ્પેશ એસ. પટેલનું નામ વિગેરે વિગતો દર્શાવેલ છે. આંક–૨૯ થી ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ રજુ છે. આંક–૨૮ વાળુ જન્મ રજીસ્ટર તેમજ માહેની વિગતો પુરાવામાં ગ્રાહ્ય છે અને તે સંજોગોમાં ભોગ બનનારની જન્મ તા.૨૮.૧૨.૨૦૧૨ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. બચાવ પક્ષ ધ્વારા ભોગ બનનારનું નામ કયારે અને કોણે લખાવેલુ, નોંધણી કરનાર વ્યકિત કોણ હતુ તેમજ જન્મ રજીસ્ટરમાં માહીતી આપનારની તથા રજીસ્ટ્રારની સહી નથી તેવી તકરાર લીધેલ છે. પરંતુ, અગાઉ સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવતા અધિકૃત કર્મચારી ધ્વારા તેઓની ફરજના ભાગરૂપે આ નોંધ કરવામાં આવેલ હોય અને તેઓ અવાર–નવાર બદલીને પાત્ર હોય તેમજ સરકારી નિયમોનુસાર નિભાવવામાં આવતાં રજીસ્ટરમાં ફરજના ભાગરૂપે તેની નોંધ કરવામાં આવતી હોય તે પુરાવામાં ગ્રાહ્ય છે.

૧૮. આ તબકકે **ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ– ૨૯** વંચાણે લેવામાં આવે તો તે મુજબ ફરજ બજાવતા જાહેર રેકર્ડમાં કરેલી નોંધની પ્રસ્તુતતા જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમાં મુદ્દા માહેની હકીકત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી, એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા

જે રાષ્ટ્રમાં આવા ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડ રાખવામાં આવતા હોય તે અંગેના કાનુન મુજબ વિશિષ્ટ રીતે સંકળાયેલી હોય તેવી ફરજોનુ પાલન કરતા કોઈપણ વ્યકિતએ કરેલી નોંધ આપોઆપ પ્રસ્તુત હકીકત છે. જેથી બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ દલીલો સાથે સહમત થઈ શકાય તેમ નથી.

**૧૯.** આ કામે બચાવ પક્ષ તરફથી મુખ્ય સાહેદો કે જે ભોગ બનનારના માતા–પિતા છે તેઓ ભોગ બનનારની જન્મ તારીખ અને ઉમર બાબતેના શ્રેષ્ઠ સાહેદ ગણી શકાય તેઓને ઉલટ તપાસમાં ભોગ બનનારની ઉંમર બાબતે કોઇપણ પ્રશ્નોતરી કરેલ નથી. પોકસો એકટની કલમ–૩૪ વંચાણે લેવામાં લેતા તેમજ પ્રોસીકયુશન તરફથી આંક–૨૮ અને આંક–૨૯ વાળા દસ્તાવેજી પુરાવા માહેની હકીકતોનું ખંડન થઈ શકે તેવી કોઈપણ હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી.

**૨૦.** આરોપી તર્ફે દલીલ કરેલ છે કે ભોગ બનનારની માતા ભોગ બનનારની જન્મ તારીખ ૨૮–૧૧–૨૦૧૨ જણાવે છે જ્યારે દસ્તાવેજી પુરાવામા જન્મ તારીખ ૨૮–૧૨–૨૦૧૨ છે, જેથી જન્મ તારીખમા એક મહિના જેટલો તફાવત જણાઇ આવતો હોય ભોગ બનનાર સગીર વયના હોવાનુ માની શકાય નહી. રેકોર્ડ જોતા ફરિયાદી પોતાની જુબાનીમા તથા ફરિયાદમા ભોગ બનનારની જન્મ તારીખ ૨૮–૧૧–૨૦૧૨ હોવાનુ જણાવે છે. જ્યારે ભોગ બનનાર તથા તેના પિતા પોતાની જુબાનીમા ભોગ બનનારની જન્મ તારીખ ૨૮–૧૨–૧૨ હોવાનુ જણાવે છે તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા પણ ભોગ બનનારની જન્મ તારીખ ૨૮–૧૨–૧૨ હોવાનુ જણાય આવે છે. એટલે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર હોવાની હકિકત રેકોર્ડ પર જણાય છે. જન્મ તારીખના મહિનામા તફાવત હોવાના માત્ર કારણસર ભોગ બનનાર સગીર

હતા જ નહી તેવી બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. આમ ફરિયાદપક્ષે ભોગ બનનાર સગીર વયના હોવાનુ પુરવાર કરવા માટે આંક ૨૬ થી મુખ્ય સાહેદ સબ રજીસ્ટ્રારને તપાસેલ છે તથા આંક ૨૮, ૨૯ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ દરમ્યાન ભોગ બનનાર સગીર વયના ન હોવા બાબતનો કોઇ માનવાલાયક બચાવ લીધેલ નથી તેમજ તેવી કોઈ હકિકત રેકોર્ડ પર લાવી શકેલ નથી. સદર સાહેદ ભોગ બનનારની ઉમર બાબતે આરોપીને ફસાવવા માટે ખોટી હકિકત જણાવતા હોય કે ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેવુ પણ કોઈ માનવાલાયક બચાવ લીધેલ નથી. વળી ભોગ બનનારની ઉંમર એવી બોર્ડર લાઇન પર નથી કે જેથી તેની ઉમર બાબતે કોઈ શંકા ઉપસ્થિત થઈ શકે. વધુમા ઉપરોક્ત દસ્તાવેજોમા ભોગ બનનારની જન્મ તારીખ તથા દસ્તાવેજોની સત્યતા બાબતે બચાવપક્ષ કોઈ ફળદાયી હકિકત રેકોર્ડ પર લાવી શકેલ નથી કે જેથી જન્મ તારીખ બાબતે સહેજ પણ શંકા ઉપસ્થિત થાય, તેવા સંજોગોમા ફરિયાદપક્ષે ભોગ બનનાર બનાવ સમયે **૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની** હોવાનુ પુરવાર કરેલ છે.

**૨૧.** આમ, ઉપરોકત તમામ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા મૈખિક પુરાવામાં ભોગ બનનારની જન્મ **તા.૨૮.૧૨.૨૦૧૨** હોવાનું પ્રોસીકયુશને શંકારહિત સાબિત કરેલ હોય, ભોગ બનનાર બનાવ સમયે એટલે કે **તા.૨૦.૧૦.૨૦૨૫ ના રોજ ૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની** હોવાનું પુરવાર થાય છે અને તે રીતે પોકસો એકટની કલમ-૨(ડી)(૧) અન્વયે ભોગ બનનાર " **બાળક**" એટલે કે, ૧૮ વર્ષથી નીચેની સગીર વયના હોવાની હકીકત ફરીયાદ પક્ષ કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ પોતાની તરફેણમાં નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોઈ, **મુદા નં.૧** નો નિર્ણય હું **હકારમાં** આપુ છું.

**<u>મુદા નં.ર અને ૩ ની ચર્ચા</u> :–**

**૨૨.** પ્રસ્તુત પ્રકરણમાં પ્રોસીકયુશન તરફથી પોતાનો કેસ પુરવાર કરવા સારુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. નોંધનીય છે કે પોકસો એકટની કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં લેતાં તે પ્રમાણે ઈનકેમેરા પ્રોસીડીંગ્સથી પુરાવો નોંધવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા કાયદાકીય પરિસ્થિતી ધ્યાને લેવી જરૂરી છે. જે મુજબ:–

**ધી પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ ની કલમ– ૮, ૧૨ નીચે મુજબ છે.**

**<u>૭. જાતિય હુમલો:</u>**

જે કોઈ પણ, જાતિય ઈરાદાથી કોઈપણ બાળકના યોનિ, શિશ્ન, ગુદા, અથવા છાતીને સ્પર્શે અથવા બાળકને આવી વ્યકિત અથવા અન્ય કોઈપણ વ્યકિતના યોનિ, શિશ્ન, ગુદા, અથવા છાતીને સ્પર્શ કરાવે, અથવા જાતિય ઈરાદાથી અંગ–પ્રવેશ સિવાય અન્ય કોઈપણ પ્રક્રિયા દ્વારા શારીરિક સબંધ કરે તો તેને જાતિય હુમલો કર્યો કહેવાય.

**<u>૮. જાતિય હુમલા માટેની સજા:</u>**

જે કોઈપણ, જાતિય હુમલો કરે તેને ઓછામાં ઓછી ત્રણ વર્ષની કારાવાસની (બંનેમાંથી કોઈપણ પ્રકારની શિક્ષા કે જેને પાંચ વર્ષ સુધીના કોઈપણ સમયગાળા સુધી વિસ્તારી શકાય અને તે દંડને પાત્ર પણ ઠરશે.

**<u>૧૧. જાતીય–સતામણી (Sexual harassment)</u>.–**

એવી વ્યકિત, કે જે વ્યકિત જાતીય ઈરાદા સાથે, –

(i) કોઈ શબ્દ ઉચ્ચારે અથવા કોઈ અવાજ કાઢે કે જેને બાળક

સાંભળી શકે, અથવા કોઈપણ હાવભાવ દ્વારા અથવા ઈરાદાથી કોઈ વસ્તુ કે શરીરનો કોઈપણ અંગ બતાવે કે જેને બાળક જોઈ શકે; અથવા

(ii) બાળકને તેના શરીર અથવા તેના શરીરનો કોઈપણ ભાગને એવી રીતે પ્રદર્શીત કરાવે કે, તેને આવી વ્યકિત અથવા અન્ય કોઈ વ્યકિત જોઈ શકે; અથવા

(iii) નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે પ્રચાર–પ્રસારના માધ્યમ અથવા અન્ય કોઈપણ રીત દ્વારા બાળકને કોઈ વસ્તુ તરીકે દેખાડવો; અથવા

(iv) પ્રત્યક્ષ રીતે કાં તો ઈલેકટ્રોનીક અથવા તો આંકડાકીય રીતે અથવા અન્ય કોઈપણ સાધન દ્વારા વારંવાર અથવા સતત બાળકનો પીછો કરવો અથવા નજર રાખવી; અથવા

(v) બાળકને કોઈપણ પ્રચાર–પ્રસારના કોઈપણ માધ્યમ દ્વારા, વાસ્તવિક કે બનાવટી/ખોટી રીતના ચિત્ર/શબ્દોમાં કે જે ઈલેકટ્રોનીક, ચલચિત્ર અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીતના માધ્યમ દ્વારા, બાળકના શરીરના કોઈપણ ભાગને અથવા બાળકને સાંકળીને જાતીય–કૃત્ય માટે રજૂ કરીને ઉપયોગ કરવાની ધમકી આપવી; અથવા

(vi) નગ્ન કામચેષ્ટાના હેતુસર બાળકને લલચાવવો અથવા આના માટે બાળકને ઉપહાર આપવો;

તેઓ એ બાળક ઉપર જાતીય–સતામણી કરે છે, તેમ કહેવાય.

ખુલાસા: "જાતીય–ઈરાદા'' સંબંધીત કોઈપણ સંલગ્નતાનો પ્રશ્ન એ "હકીકતનો પ્રશ્ન" ગણાશે.

## ૧૨. <u>જાતીય–સતામણી માટેની શિક્ષા (**Punishment for sexual harassment**)</u> :

જે કોઈપણ, બાળક ઉપર જાતીય– સતામણીનો ગુનો કરશે

તેને, બન્નેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસ કે જેને ત્રણ વર્ષ સુધીની કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા થઈ શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે.

**ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭ નીચે મુજબ છે.**

**કલમ–૧૩૭(૨)અપહરણ માટે સજા :**

કોઈ પણ વ્યકિત, અન્ય કોઈ વ્યક્તિનું ભારતમાંથી કે કાનૂની વાલીપણામાંથી અપહરણ કરે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**કલમ–૭૪ કોઇ સ્ત્રીની મર્યાદા ભંગ કરવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત.**

જો કોઇ વ્યકિત, કોઇ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી પોતે તેની આબરૂ લેશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તેના ઉપર હુમલો કરે, અથવા ગુનાહિત બળ વાપરે તેને એક વર્ષથી ઓછી નહી પરંતુ પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેવી બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**કલમ– ૭૫ જાતિય સતામણી અને જાતિય સતામણી માટે શિક્ષા :**

**(૧)** કોઈ પુરુષ નીચે જણાવેલા કૃત્યો પૈકી કંઈપણ કરે –

(૧) શારીરિક સંસર્ગ અને અણઆવકાર્ય ચેષ્ટા અને જાતિય સહવાસ સબંધ બાંધવા ઈશારા કરે, અથવા

(૨) જાતિય સહવાસની તરફદારી માટે માંગણી અથવા વિનંતી કરે, અથવા

(૩) સ્ત્રીની ઈચ્છા વિરૂધ્ધ અશ્લીલ દ્રશ્યો બતાવે,

અથવા

(૪) જાતિય સ્વરૂપની ટીપ્પણો કરે, તો તે જાતિય સતામણી માટે દોષિત ગણાશે.

**(૨)** કોઈપણ પેટા–કલમ ૧ ની કલોઝ (૧) અથવા કલોઝ (૨) માં નિર્દીષ્ટ કરેલો ગુના કરે તો તેને ત્રણ વર્ષ સુધીની સખત કેદ અથવા સાથે દંડ અથવા સાથે બંનેની શિક્ષા થશે.

**(૩)** કોઈ પુરુષ પેટા–કલમ–૧ ની કલોઝ (૪) માં નિર્દીષ્ટ ગુનો કરે તો તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા સાથે બંનેની શિક્ષા થશે.

**<u>કલમ–૧૨૭ ગેરકાયદેસર રીતે અટકાયત :</u>**

જે કોઈ વ્યક્તિને એવી રીતે ગેરકાયદેસર રીતે અટકાવે કે જેથી તે વ્યક્તિ અમુક ચોક્કસ સીમાઓથી આગળ વધી ન શકે, ત્યારે તે વ્યક્તિને "**ગેરકાયદેસર રીતે બંધક બનાવી**" છે તેમ કહેવાય છે.

**<u>કલમ–૮૭ સ્ત્રીનું અપહરણ કરવું, તેને ભગાડી જવી અથવા લગ્ન કરવા માટે મજબૂર કરવાના ઈરાદાથી તેને પ્રેરિત કરવી, વગેરે:–</u>**

જે કોઈ વ્યક્તિ, કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરૂધ્ધ કોઇ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં અથવા તેને લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તેનુ અપહરણ કરે અથવા અપનયન કરે, તેને દસ વર્ષની મુદતની કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે, અને જો કોઇ વ્યકિત, કોઇ સ્ત્રીને અન્ય વ્યકિત સાથે લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના

અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તે સ્ત્રીને આ સંહિતામાં વ્યાખ્યા કર્યા મુજબની ગુનાહિત ધમકીથી અથવા અધિકારનો દુરુપયોગ કરીને અથવા બીજી કોઇ રીતે જબરજસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે તેને પણ ઉપર જણાવ્યા મુજબની શિક્ષા કરવામાં આવશે.

**૨૩.** આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ સાથે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની જોગવાઈનો ભંગ કર્યાનો આક્ષેપ છે. સદરહું કાયદો ખાસ કાયદો હોવાના કારણે આ કાયદાના સંદર્ભે પુરાવાનો અમુક વિશેષ નિયમ ઘડવામાં આવેલ છે. જયારે કોઈ વ્યકિત સામે કોઈ પ્રકારનું તહોમત મુકવામાં આવે ત્યારે તે સાબિત કરવાની જવાબદારી સંપૂર્ણત: ફરીયાદ પક્ષના શીરે રહે છે. પરંતુ જયારે પોકસો એકટની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધ કેસના પાયાના તત્વો પુરવાર કરવાનો બોજો પ્રથમ ફરીયાદ પક્ષ પર રહે છે અને ત્યારબાદ આરોપીએ ગુનો કરેલ નથી, તેની ગુનાહિત માનસીકતા નથી તે નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો આરોપી પર લાદવામાં આવેલ છે. આ અધિનિયમની **કલમ-૨૯** મુજબ જયારે કાયદા હેઠળના કોઈ ગુનામાં કોઈ આરોપીએ ગુનો કરેલ છે તેવું દર્શાવવામાં આવેલ હોય ત્યારે તે આરોપીએ ગુનો કરેલ છે તેવું માની લેવામાં આવશે, અને તે હકીકતથી વિરૂધ્ધનો પુરાવો આપવાનો બોજો આરોપી ઉપર નાંખવામાં આવેલ છે. વધુમાં સદર કાયદાની **કલમ-૩૦** મુજબ આરોપીની ગુનાહિત માનસીકતા છે તેવું ખાસ અદાલત માની લેશે અને તેની વિરૂધ્ધની હકીકત આરોપી પક્ષે પુરવાર કરવાની રહેશે. હાલના ગુનાના કામે કાયદાના સર્વસ્વીકૃત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે સૌપ્રથમ આરોપીએ ગુનો કરેલ છે તે પુરવાર કરવું જ પડે અને તે પુરવાર કરવા માટે પુરાવાનું પ્રમાણ નહિ પણ સંભવિતતા પરીબળના સિધ્ધાંત મુજબ સાબિત કર્યેથી તેના

વિરૂધ્ધ આરોપી પક્ષે સંભવિતતાના પરીબળના સિધ્ધાંત મુજબ હકારાત્મક પુરાવાથી બતાવી શકે ત્યાં સુધી આરોપીએ આક્ષેપીત ગુનો કરેલ છે તેમ માની લેશે તેમજ જયારે આરોપીની ગુનાહિત માનસીકતા, સ્થિતી, ઈરાદો, પ્રેરક, પ્રવર્તતા કે કોઈ હકીકતનું જ્ઞાન હતુ તે અંગે પણ અદાલત અનુમાન કરશે અને તે તેનાથી વિરૂધ્ધનું શંકાથી પર સાબિત થયેલાનું હોવું જોઈએ. પોકસો એકટમાં **shall presume** શબ્દ વાપરવામાં આવેલ છે અને તેની વ્યાખ્યા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ માં આપવામાં આવેલ છે અને તે હકીકતથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી તે હકીકત પુરવાર થયેલ છે તેવું પુર્વ અનુમાન કરવું પડે. ફોજદારી કાયદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં એ સ્પષ્ટ છે કે, વ્યકિત સામે ગુનો નોંધાયેલ હોય તે વ્યકિત દોષિત સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવા પુર્વ અનુમાન સાથે કેસની કાર્યવાહી આગળ ચલાવવા જોઈએ તેમજ સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી બરાબર પરીચીત હોતા નથી તે સંજોગોમાં તેઓની જુબાનીમાં વિરોધાભાષ, વિસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તે કારણસર ફરીયાદ પક્ષના કેસ પર જો કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તેવો વિરોધાભાષ, વિસંગતતા કે અતિરેકને દરગુજર કરવો જોઈએ. પરંતુ જો આવો વિરોધાભાષ ફરીયાદ પક્ષના મૂળ કેસને અસર કરતી હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ. ભોગ બનનારનો પુરાવો એ ખુબ જ મહત્વનો અને પ્રત્યક્ષ પુરાવો ગણી શકાય એટલે કે, તે પ્રત્યક્ષ/નજરે જોયેલ અને અનુભવેલ પુરાવો છે. મોટા ભાગના બળાત્કાર જેવા ગુનામાં/કિસ્સામાં નજરે જોનાર સાહેદો હોતા નથી તેમજ સામાન્ય રીતે આવા બળાત્કારના ગુનાઓ બંધ બારણે અથવા તો એકાંતવાળી જગ્યાએ બનવા પામતા હોય તેવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોઈ શકે નહી અને તેથી **નામ. સર્વોચ્ચ**

**અદાલતે રાજુ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (૨૦૦૮) ૧૫ એસ.સી.સી. ૧૩૩** માં એવું ઠરાવેલ છે કે, ભોગ બનનાર એકલાની જુબાનીના આધારે આરોપીને સજા થઈ શકે. પરંતુ તેની જુબાની વિશ્વસનીય હોવી જોઈએ. વધુમાં, એવું ઠરાવેલ છે કે, બળાત્કાર જેવા ગુનામાં **ભોગ બનનારને accomplice તરીકે નહી પરંતુ માનવાયોગ્ય વ્યકિત તરીકે તેની જુબાનીનું મુલ્યાંકન કરવું જોઈએ.** તેમની જુબાની એક ઈજા પામનાર વ્યકિત જેટલું મહત્વ રાખે છે અને જો વિશ્વસનીય હોય તો તેને માટે અન્ય સમર્થનકારક પુરાવાની જરૂર નથી. તે જ રીતે **નામ. સર્વોચ્ચ અદાલતે સદાશિવ રામારાવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૬) ૧૦ એસ.સી.સી. ૯૨** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આવા પ્રકારના ગુનાઓમાં ભોગ બનનારની એકલાની જુબાનીના આધારે સજા કરી શકાય. તે જુબાની સુસંગત, ભરોષાપાત્ર તથા સૌથી ઉચ્ચ કક્ષાની **sterling category witness** હોવી જોઈએ. તેવી જ રીતે જો આવા પ્રકારની જુબાની ઉપર આધાર રાખીને અન્ય પુરાવો નથી તેમ કહીને જો આરોપીને છોડી મુકવામાં આવે તો ભોગ બનનાર સાથે અન્યાય કર્યો કહેવાય. તે જ રીતે **નામ. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ પંજાબ વિ. ગુરમીતસિંહ (૧૯૯૬)૨ એસ.સી.સી. ૩૮૪ તથા રણજીત હજારીકા વિ. સ્ટેટ ઓફ આસામ (૧૯૯૮) ૮ એસ.સી.સી. ૬૩૫** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જાતિય ગુનાના કેસોમાં જે તત્વો ગુનાના મૂળમાં શંકા ઉભી ન કરે અને તે તત્વોમાં નાનો મોટો તફાવત હોય તો ભોગ બનનારની જુબાનીને નકારી શકાય નહી. બળાત્કાર એવો ગુનો છે જેમાં કોઈપણ સ્વાભિમાની સ્ત્રી કોર્ટ સમક્ષ આવી ખોટી હકીકત દર્શાવે તેવું બને નહી. ભોગ બનનારની જુબાનીમાં જો નાની મોટી તૃટી આવેલ હોય અને તે ગુનાના મૂળ કેસને અસર કરતી ન હોય તો તેની જુબાની પર વિશ્વાસ રાખી શકાય.

**૨૪.** આ તબકકે પોકસો એકટની કલમ–૨૯ અને કલમ–૩૦ ધ્યાને

લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**પોકસો એકટની કલમ–૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબતઃ–**

જયાં, કોઇ વ્યક્તિને આ અધિનિયમની કલમ–૩,૫,૭ અને કલમ–૯ અન્વયેના કોઇ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્મેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે, સ્પેશિયલ કોર્ટ ધ્વારા જયાં સુધી તેનાથી વિરુધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ, યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે, દુસ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**પોકસો એકટની કલમ–૩૦ ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત (અનુમાન).**

**(૧)** આ અધિનિયમ અન્વયેના કોઇપણ ગુના માટે કોઇપણ ઇન્સાફી કાર્યવાહીમાં, કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે, સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવુ પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઇન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મુકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઇ સંબંધ રહેતો નથી.

**(૨)** આ અધિનિયમના હેતુઓ માટે કોઇ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઇપણ શંકા સિવાય આવુ થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જયારે તે બન્યા હોવાની સંભાવનાની પ્રબળતા ધ્વારા સ્થાપિત થયેલ હોય.

**સ્પષ્ટીકરણ–** આ અધિનિયમમાં ''ગુનાહિત માનસિક સ્થિતિ" માં ઈરાદો, પ્રેરક/પ્રવર્તક કોઇ હકીકતનું જ્ઞાન તથા કોઇ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈપણ કારણનો સમાવેશ થાય છે.

**૨૫.** કાયદામા એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે જ્યારે પોક્સો એક્ટ હેઠળનો ગુનો હોય અને તે મુજબના ગુનાનો આક્ષેપ કરવામા આવેલ હોય ત્યારે પોક્સો એક્ટ ની **કલમ ૨૯ અને કલમ ૩૦** અન્વયે કાયદાકીય અનુમાન આરોપીની વિરુધ્ધમા કરવાના રહે છે. પરંતુ, પોક્સો એક્ટ ની **કલમ ૨૯ અને ૩૦ હેઠળ** ની કાયદાકીય અનુમાન આપોઆપ અસ્તીત્વમા આવતા નથી. આવા કાયદાકીય અનુમાન કરવા સંદર્ભે પ્રોસીક્યુશન તરફથી પ્રાથમિક પુરાવો રજુ કરવાનો રહે છે અને જો આવો પ્રાથમિક પુરાવો, માનવાલાયક અને સંતોષકારક રજુ થયો હોય, ત્યારબાદ જ આવા અનુમાન આરોપીની વિરુધ્ધમા કરવાના રહે છે અને બોજાનુ વહન ત્યારબાદ આરોપીએ કરવાનુ રહે છે અને આવા કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પુરાવો આરોપી પોતે વીટનેશ બોક્સમાં આવીને અથવા તો ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોની ઉલટ તપાસ થકી અથવા તો બચાવમા સાહેદ તપાસીને રજુ કરી શકે છે અને આરોપીના શીર પર બોજાનું વહન Preponderance of Probability ના સિધ્ધાંત મુજબ કરવાનુ રહે છે અને આવી સંભવિતતાઓ થકી પ્રોસીક્યુશનના કેસમા શંકા ઉપસ્થિત કરી શકે છે. વધુમા એ પણ નોંધવુ ઘટે કે શંકાઓ કાલ્પનીક ન હોવી જોઇએ વ્યાજબી શંકા હોવી જોઇએ કે સામાન્ય સમજ ધરાવાતા વ્યક્તિ તરીકે સ્વીકારી શકાય. આમ, આ સર્વ સામાન્ય સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૩ "હકીકત", "પ્રસ્તુત", "વાદગ્રસ્ત હકીકત", "દસ્તાવેજ", "પુરાવો", "સાબીત થયેલી", "ના સાબીત થયેલી", "સાબીત ન થયેલી" વીગતો ને સંદર્ભે ધ્યાન મા રાખીને ફરીયાદ પક્ષે રજુ થયેલ

પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**૨૬.** હવે, આ કેસમાં ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા અદાલતે એ નિર્ણય કરવાનો રહે છે કે આ બાળ સાહેદ પુરાવો આપવા માટે સક્ષમ છે કે કેમ? બનાવ સમયે ભોગ બનનારની ઉંમર **૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની** હતી. નોંધનીય છે કે મારા પુરોગામીશ્રીએ ભોગ બનનારનો પુરાવો નોંધતા પહેલા અદાલત દ્વારા પ્રિલીમનરી ઈન્કવાયરી કરી માનસિક પરિપકવતા જોવા પ્રાથમિક પ્રશ્નોત્તરી કરવામાં આવેલ છે અને તેણી માનસિક રીતે પરિકવ જણાતી હોય તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૨૪ મુજબ સક્ષમ સાહેદ જણાતા તેમજ બાળ સાહેદ સોગંદની અગત્યના સમજતા હોવાનું જણાતાં, તેઓને સોગંદ આપવામાં આવેલ અને તે રીતે તેઓનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૨૭.** હવે, જયારે બળાત્કારનો આક્ષેપ હોય ત્યારે ભોગ બનનારનો પુરાવો સૌથી મહત્વનો બની રહે છે. આ કામે પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૦૨ તરીકે ભોગ બનનારને આંક–૦૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. ભોગ બનનાર તેની જુબાનીમાં જણાવેલ છે કે તા.૨૦.૧૦.૨૦૨૫ ના રોજ રાત્રીના ૯:૩૦ વાગ્યાના અરસામાં **તેણી આંગણામાં એકલી હતી તેવામાં તેમના ઘરની સામે રહેતો શેહબાઝનાઓ પાછળનો દરવાજો ખોલીને આવેલો અને તેણીનું મોઢુ દબાવી તેણીની સાથે છેડછાડ કરવા લાગેલો અને તે તેણીને તેના ઘરમાં બીજે માળે લઇને ગયેલો અને ત્યાં એક પલંગ ઉપર તેણીને બેસાડી તેણીની છાતી દબાવી તેણીને કીસ કરવા કોશિષ કરેલી જેથી તેણીએ તેને લાત મારી તેની પાસેથી છુટી બાજુમાં આવેલ બાથરૂમમા ભરાઇ ગયેલી અને બાથરૂમનો દરવાજો અંદરથી બંધ કરી લીધેલો. તેણી ત્યાં આખી રાત બેસી રહેલી** અને સવારના આઠેક વાગ્યે તેણીને ગભરામણ થતાં તેણી દરવાજો ખોલી બાથરૂમમાંથી

બહાર આવેલી. **તેણી ધીરે ધીરે નીચે ઉતરતી હતી તે વખતે આ શેહબાઝ નીચે ઉભેલ હતો તેણે તેણીને પકડવાની કોશિષ કરી, તેણીની સાથે ખેંચતાણ કરતાં તેણી ધકકો મારી દરવાજો ખોલીને બહાર નીકળી ગયેલી અને તેણીના ઘરે ગયેલી**. તેણીએ તેની મમ્મીને જઈને આ બનાવની જાણ કરેલી અને તે પછી તેઓ પો.સ્ટે.માં ગયેલા અને ત્યાં તેણીની મમ્મીએ ફરીયાદ આપેલી. ત્યારબાદ તેણીની મેડીકલ તપાસણી કરવામાં આવેલી અને તેણીને ઝાલોદ કોર્ટમાં જવાબ લેવા સારૂ લઈ ગયેલા અને ત્યાં મેડમ જજ સાહેબે તેણીની પુછપરછ કરી જવાબ લીધેલો. તેણીને કાર્ટ સમક્ષ બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનુ શીલબંધ કવર ખોલીને બતાવવામાં આવતા તે તેણીએ જજ સાહેબને લખાવેલ તેજ હોવાનું અને તેમાં તેણીની સહી ઓળખી બતાવે છે, જે આંક–૦૯ થી રેકર્ડ ઉપર રજુ છે તેમજ ભોગ બનનાર આરોપીને ઓળખી બતાવે છે.

**૨૮.** ભોગ બનનારની બચાવ પક્ષે લંબાણપૂર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમા બચાવ લીધેલ છે કે તેણીએ મહોલ્લામાં કે ઘરમાં બુમાબુમ કરેલી ન હતી તેવા પ્રશ્નના જવાબમાં આરોપીએ તેણીનું મોઢુ એવી રીતે દબાવેલુ કે તેણી અવાજ કરી શકતી ન હતી તેમ જણાવેલુ છે. વધુમાં ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં પોલીસે તેણીની જે પુછપરછ કરેલી તે તેણીની મમ્મીએ લખાવેલ હતી તેમ કબુલ રાખેલ છે પણ ત્યારબાદ દવાખાનામાં તેણીની મમ્મીએ બધુ લખાવેલ હોવાનો ઈન્કાર કરી ભોગ બનનાર સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસમાં પણ તેણીએ લખાવેલુ. આ ઉપરાંત ઝાલોદ કોર્ટમાં પોલીસે અને તેણીની મમ્મીએ જે શીખવાડેલુ તે રીતે તેણી બોલેલ હોવાનો, ઝાલોદના મહે.જયુડી.મેજી. રૂબરૂ જે જવાબ લખાવેલ છે તે તેણીની મમ્મી અને પોલીસના કહેવાથી લખાવેલ હોવાનો તથા તેણીએ મેડીકલ અધિકારીઓ સમક્ષ કોઇ હીસ્ટ્રી લખાવેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે.

**૨૯.** ઉપરોકત ભોગ બનનારનો સમગ્ર પુરાવો એકંદરે જોવામાં આવે તો સૌથી મહત્વની બાબત એ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર માત્ર **૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની** હતી. જયારે આરોપીની ઉંમર ૨૧ વર્ષની છે અને એ સાપક્ષેમાં હવે ભોગ બનનારના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, બચાવ પક્ષ તરફે લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમ છતાં ભોગ બનનારે સ્પષ્ટપણે તેણીની આંગણામાં એકલી રમતી હતી તે સમયે આરોપી આવેલો અને તેણીનું મોઢુ દબાવીને તેના ઘરના બીજે માળે લઇ ગયેલો અને પલંગ ઉપર બેસાડી તેણીની છાતી દબાવી કિસ કરવાની કોશીષ કરેલી જેથી તેણીની આરોપીને લાત મારી બાથરૂમમાં ભરાઇ ગયેલી તે હકીકત અનુસંધાને કન્સીસ્ટન્ટ પુરાવો રજુ રાખેલ છે અને સહેજ પણ વિચલીત થયેલ નથી. બચાવ પક્ષ તરફથી ઉલટ તપાસમાં તેણીએ મહોલ્લામાં કે ઘરમાં બુમાબુમ કરેલી ન હતી તેવો સ્પષ્ટ પ્રશ્ન પુછવામાં આવેલ છે જેના જવાબમાં **''આરોપીએ મારૂ મોઢુ એવી રીતે દબાવેલુ કે હું અવાજ કરી શકતી ન હતી''** તેમ સ્પષ્ટ જણાવેલુ છે. આ સિવાય ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કોર્ટ સમક્ષનું નિવેદન, પોલીસ સમક્ષનું નિવેદન અને મેડીકલ ઓફીસર સમક્ષની હિસ્ટ્રી તેણીની મમ્મીએ લખાવેલ હોવાનો અને તેણીની શીખવાડેલ તે રીતે બોલેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આ સિવાય બચાવ પક્ષ તરફથી આરોપી સેહબાઝ એના ઘરે મોઢુ દબાવીને લઇ ગયેલ નથી કે પલંગ ઉપર બેસાડી છાતી દબાવવાની તથા કિસ કરવાની કોશીષ કરેલ નથી તેવો સ્પષ્ટ પ્રશ્ન પુછવામાં આવેલ છે જેનો ભોગ બનનારે ઈન્કાર કરેલ છે. આ સિવાય પણ બચાવપક્ષ તરફથી અલગ અલગ સ્વરૂપે પ્રશ્નોત્તરી કરેલ છે જેમાં ભોગ બનનાર સહેજ પણ વિચલીત થયેલ નથી અને પોતાની સરતપાસ માહેની હકીકતોને વળગી રહેલ છે અને તેથી ભોગ બનનારે સોગંદ પર જણાવેલ હકીકત કે, તેણીની આંગણામાં એકલી રમતી હતી તે સમયે આરોપી આવેલો અને

તેણીનું મોઢુ દબાવીને તેના ઘરના બીજે માળે લઇ ગયેલો અને પલંગ ઉપર બેસાડી તેણીની છાતી દબાવી કિસ કરવાની કોશીષ કરેલી જેથી તેણીની આરોપીને લાત મારી બાથરૂમમાં ભરાઇ ગયેલી, તેવી જે હકીકત જણાવેલી છે તેને ન માનવા માટે કોઈ જ કારણ જણાતું નથી. વધુમાં ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું આંક–૦૯ થી નિવેદન રજુ થયેલ છે તેમાં પણ ભોગ બનનારે **આરોપી શહેબાઝે પાછળથી તેણીને પકડી લીધેલ અને તેના ઘરમાં લઇ જઇ તેણી સાથે બળજબરી કરી મો અને છાતી દબાવી દીધેલ** તેવું સ્પષ્ટ જણાવેલુ છે. આમ, બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનથી પણ ભોગ બનનારની જુબાનીને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, દરેક તબકકે ભોગ બનનારનો એકસૂત્રતાવાળો પુરાવો રજુ રાખેલ છે. બચાવપક્ષ તરફથી એવી કોઈ મહત્વની ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેથી ભોગ બનનારના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય. આ કામે બનાવવાળુ ઘર આરોપીનું છે તે બાબતે કોઇ તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આરોપીએ ભોગ બનનાર ઉપર જાતિય હુમલો કરેલ હોવાનું સ્પષ્ટ સાબીત થાય છે. આમ,ઉપરોકત પુરાવો જોતાં ભોગ બનનારનો પુરાવો **creditworthy, reliable and trustworthy** હોવાનું આ અદાલતને જણાઈ આવે છે અને તે સંજોગોમાં પ્રોસીકયુશન તરફથી પોકસો એકટની **કલમ–૨૯ અને ૩૦** અન્વયેના કાયદાકીય અનુમાન આરોપીની વિરુધ્ધમાં અસ્તિત્વમા આવે તે અંગેનો ફાઉન્ડેશનલ ફેકટસ અંગેનો માનવાલાયક પુરાવો રજુ રાખવામા આવેલ છે અને તેવા આરોપી વિરુધ્ધમા અનુમાન કરવામા આવે છે અને હવે આરોપીએ પોકસો એકટની **કલમ–૨૯ અને કલમ–૩૦** અન્વયેના કાયદાકીય અનુમાનનું ખંડન થઈ શકે તેવો પુરાવો રજુ રાખેલ છે કે કેમ તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે.

**૩૦.** હવે ભોગ બનનારના પુરાવાના સમર્થનમાં અન્ય પુરાવો જોઈએ તો,આ કામે ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં.૦૧ તરીકે ભોગ બનનારની માતાને આંક–૦૯ થી** તથા **સાહેદ નં.૦૩ તરીકે ભોગ બનનારના પિતાને આંક–૧૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે. સદર સાહેદો મહદઅંશે એકસરખી જ જુબાની આપેલ હોય બંને સાહેદોની ચર્ચા એકસાથે કરવામા આવે છે. સદર સાહેદો તેઓની જુબાનીમાં જણાવેલ છે કે તેઓને ફોન ઉપર બનાવની જાણ થતા તેઓ રાત્રીના ત્રણેક વાગ્યે ઝાલોદ તેમની બહેનના ઘરે આવેલા અને તેમની બહેન પીન્કીએ જણાવેલ કે ભોગ બનનારની આજુબાજુમાં શોધખોળ કરેલી, પરંતુ તે મળેલ નથી. વધુમાં જણાવે છે કે, તેમની ભોગ બનનાર દિકરી બીજા દિવસે સવારે આઠેક વાગ્યે ઘરે આવી ગયેલી અને તેણીએ તેઓને જણાવેલ કે, આરોપીએ તેણીને પકડીને જબરજસ્તીથી તેના ઘરના ઉપરના માળે લઈ જઈ છાતી દબાવી કીસ કરવાની કોશિષ કરેલી અને તે બાથરુમમા ભરાઈ જઈ દરવાજો અંદરથી બંધ કરેલ અને થોડીવાર પછી દરવાજો બહારથી પણ બંધ હતો જેથી આખી રાત બાથરૂમમા બેસી રહેલી અને બીજા દિવસે સવારે મેં દરવાજો ખેંચતા દરવાજો ખુલી જતા ઉપર ના માળે થી નીચે ઉતરતી હતી તે વખતે સેહબાજ ત્યા ઉભેલ હોય તેને મને કાંડા ભાગે થી પકડી લીધેલી જેથી મેં તેને કોણીથી ગોદો મારતા તે છુટી જતા હુ ત્યાથી છુટીને દરવાજો ખોલી અહીયા ઘરે આવેલ છું. તેવી તેઓને વાત કરેલી. જેથી હાલની ફરિયાદ આપેલ હોવાનુ જણાવે છે. બચાવ પક્ષ તરફથી ફરીયાદીની જે ઉલટ તપાસ કરેલ છે તેમાં ફરીયાદ તેમની સાથે આવેલા માણસોએ લખાવેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ ફરિયાદી તે હકિકત નકારી કાઢી પોતાની સરતપાસની હકિકતોને ઉલટતપાસમા પણ ચુસ્તપણે વળગી રહે છે.

**૩૧.** આ ફરીયાદી તથા સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, બીજા દિવસે સવારના આઠેક વાગ્યે ભોગ બનનાર ઘરે આવેલી અને

તુરંત ફરિયાદી તથા સાહેદને બનાવ અંગેની વાત કરેલી છે. આમ, બનાવ સંદર્ભે ભોગ બનનારના માતા પિતાના પુરાવાથી ભોગ બનનારની જુબાનીને સમર્થન પ્રાપ્ત થાય છે. બચાવ પક્ષ તરફથી ફરીયાદી તથા સાહેદની ઉલટ તપાસ થકી એવી કોઇ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેથી આંક–૦૭ વાળી ફરીયાદ હકીકતમાં શંકા ઉત્પન્ન થાય. ફરીયાદી તથા સાહેદનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૪ ના વ્યાપમાં સ્પષ્ટપણે ગ્રાહ્ય છે. બચાવપક્ષ તરફથી ફરીયાદી તથા સાહેદે સરતપાસમાં જણાવેલી હકીકતો ઉલટતપાસમાં પુન: પુછતાં તે હકીકતો ખોટી જણાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. એટલે બનાવ અંગેની કોઇ હકકીત ભોગ બનનારે ફરીયાદી કે સાહેદને જણાવેલ નથી તેનો ઈન્કાર કરેલ છે. ફરિયાદી તથા સાહેદ નજરે જોનાર સાહેદ નથી પરંતુ બનાવ બાદ તુરંત ભોગ બનનારે બનાવની જાણ ફરિયાદી તથા સાહેદને કરેલ છે, જેથી ભારતીય્ર સાક્ષ્ય અધિનિયમ કલમ ૪ મુજબ વાદગ્રસ્ત ન હોય, છતા જે હકિકતો વાદગ્રસ્ત હકિકત સાથે એવી રીતે સંકળાયેલી હોય કે તે એક જ બનાવના ભાગરુપ બનતી હોય, તો તે હકિકતો પ્રસ્તુત ગણાય. ફરિયાદી તથા સાહેદે બનાવ નજરે જોયેલ ન હોવા માત્રથી ફરિયાદી તથા સદર સાહેદનો પુરાવો અપ્રસ્તુત છે તેમ માની શકાય નહી.

૩૨. આ કામે ફરીયાદ પક્ષ તરફથી **સાહેદ નં.૦૪ તરીકે ભોગ બનનારના નાના માસીને આંક–૧૧ થી** તથા **સાહેદ નં.૦૫ તરીકે ભોગ બનનારના મોટા માસીને આંક–૧૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. બનાવના બીજા દિવસે ભોગ બનનાર રડતા રડતા આવીને તેણીને સાથે જે બનાવ બનેલ તેની હકિકત તેણીના માતા પિતા તથા સદર સાહેદો રુબરુ જણાવેલ. સદર બંને સાહેદો મહદઅંશે એકસરખી જ જુબાની આપેલ હોય બંને સાહેદોની ચર્ચા એકસાથે કરવામા આવે છે. સદર સાહેદો પોતાની જુબાનીમા બનાવ બનેલ હોવાનુ તથા

ભોગ બનનાર તેઓના ઘરે ન મળી આવતા ફરિયાદીને ફોન ઉપર જાણ કરેલ હોવાનુ તથા ભોગ બનનારના માતાપિતા તેઓના ઘરે આવી ગયેલ અને ભોગ બનનારની શોધખોળ કરેલ હોવાનુ જણાવે છે. ત્યારબાદ બીજા દિવસે આઠેક વાગ્યાના અરસામા ભોગ બનનાર ઘરે ગભરાયેલી આવેલી અને તેઓને સમગ્ર બનાવની જાણ કરેલ હોવાનુ તથા આરોપીએ તેણીનુ **મોઢુ દબાવીને ખેંચીને તેના ઘરના ઉપરના માળે લઈ જઈ તેને છાતી દબાવી કીસ કરેલ અને જબરજસ્તી કરતા તેને લાત મારી તેની પાસેથી છુટીને બાથરૂમમાં ભરાઈ ગયેલી અને બાથરૂમનો દરવાજો અંદર થી બંધ કરી દીધેલ હોવાનુ અને તે પછી આખી રાત ગભરાયેલી અંદર બેસી રહેલ હોવાનુ અને તે પછી સવારના આઠેક  વાગ્યાના અરસામા બાથરૂમનો દરવાજો ખોલીને નીકળેલી ત્યારે આરોપીએ તેની સાથે ખેંચતાણ કરવા જતા તે ઉપરના માળેથી ઉતરી ને દરવાજો ખોલીને તેની પાસેથી ભાગીને આવી ગયેલ હોવાનુ જણાવેલ છે**. બચાવ પક્ષ તરફથી સદર સાહેદોની જે ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ પોતાની સરતપાસની હકિકતોને ઉલટતપાસમા ચુસ્તપણે વળગી રહે છે.

**33.** સદર સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, બીજા દિવસે સવારના આઠેક વાગ્યે ભોગ બનનાર ઘરે આવેલી અને તુરંત ફરિયાદી તથા તેઓ રુબરુ બનાવ અંગેની વાત કરેલી છે. આમ, બનાવ સંદર્ભે ભોગ બનનારના માતા પિતા તથા સદર સાહેદોના પુરાવાથી ભોગ બનનારની જુબાનીને સમર્થન પ્રાપ્ત થાય છે. બચાવ પક્ષ તરફથી સાહેદોની ઉલટ તપાસ થકી એવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર  લાવવામાં આવેલ નથી કે જેથી આંક–૦૭ વાળી ફરીયાદ હકીકતમાં તથા ભોગ બનનારની જુબાનીમા શંકા ઉત્પન્ન થાય. સદર સાહેદોનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૪ ના વ્યાપમાં સ્પષ્ટપણે ગ્રાહ્ય છે. બચાવપક્ષ તરફથી સદર સાહેદોએ સરતપાસમાં જણાવેલી હકીકતો ઉલટતપાસમાં પુન:

પુછતાં તે હકીકતો ખોટી જણાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. એટલે બનાવ અંગેની કોઇ હકકીત ભોગ બનનારે ફરીયાદી કે સદર સાહેદોને જણાવેલ નથી તેનો ઈન્કાર કરેલ છે. સદર સાહેદો નજરે જોનાર સાહેદો નથી પરંતુ બનાવ બાદ તુરંત ભોગ બનનારે બનાવની જાણ ફરિયાદી તથા સદર સાહેદોને કરેલ છે, જેથી ભારતીય્ર સાક્ષ્ય અધિનિયમ કલમ ૪ મુજબ વાદગ્રસ્ત ન હોય, છતા જે હકિકતો વાદગ્રસ્ત હકિકત સાથે એવી રીતે સંકળાયેલી હોય કે તે એક જ બનાવના ભાગરુપ બનતી હોય, તો તે હકિકતો પ્રસ્તુત ગણાય. ફરિયાદી તથા સાહેદે બનાવ નજરે જોયેલ ન હોવા માત્રથી ફરિયાદી તથા સદર સાહેદોનો પુરાવો અપ્રસ્તુત છે તેમ માની શકાય નહી.

૩૪. હવે, ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર **સાહેદ નં.૦૬ તરીકે ડૉ. જયરાજ સીંગરાજ દેવધાનો** પુરાવો મહત્વનો બની રહે છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, તા.૨૧.૧૦.૨૦૨૫ ના રોજ તેઓ ઝાલોદ એસ.ડી.એચ. હોસ્પીટલ ખાતે ફરજ ઉપર હાજર હતા ત્યારે ભોગ બનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા અને તેઓએ ભોગ બનનારની શારીરીક ચકાસણી કરેલ અને બનાવ અંગેની હિસ્ટ્રી પુછતાં તેણીએ જણાવેલ કે, ''તા.૨૦.૧૦.૨૦૨૫ ના રોજ સાંજના આશરે ૦૯:૦૦ વાગ્યે હું મારા ભાઇ સાથે રમતા હતા ત્યારે સામેના મકાનમાં રહેનાર મને ઈશારા કરીને ઘરે આવ તેમ કહેલ અને ***મને પછી મોઢુ દબાવી મને ઉંચકીને તેના ઘરે લઈ ગયેલ અને તેના ઉપરના માળે એક રૂમમાં પુરી દીધેલ.*** પછી રાત્રે એ ઉપર આવેલ ત્યારે બાથરૂમમાં હું જાતે પુરાઇ ગયેલ અને અંદરથી બંધ કરી દીધેલ અને આખી રાત બાથરૂમમાં પુરાઈ રહેલ અને સવારે મારા ઘરે જતી રહેલી, મારા સાથે કોઈ જાતિય શારીરિક સંબંધ રાખેલ નથી'' તેવી હિસ્ટ્રી જણાવેલ છે. વધુમાં ભોગ બનનારે હિંસા બાબતે પુછતાં તેણીએ જણાવેલ કે ***'' આરોપીએ ધકકો મારેલો અને તે પછી તેના વાળ ખેંચેલ તેમજ કાંડાના ભાગેથી પકડેલ''*** તેમ જણાવેલુ. ભોગ

બનનારને વધુ પુછતાં તેણીએ જણાવેલ કે, ***''તેને કીસ કરેલી અને ટચ કરેલુ.'' તેમ જણાવેલ છે.*** ભોગ બનનારને તપાસતા શરીર ઉપર કોઈ હિંસા કે ઈજાના ચિન્હો ન હતા. સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં ભોગ બનનારે તેમજ આરોપીએ તેઓને કોઈ હિસ્ટ્રી જણાવેલ નથી પણ જાતે લખી લીધેલ હોવાનો ઈન્કાર કરેલ છે. ઉપરોકત તબીબી સાહેદનો પુરાવો એકંદરે જોવામા આવે તો ભોગ બનનારે તબીબી અધિકારી સમક્ષની હિસ્ટ્રીમાં બનાવની તમામ હકિકત સ્પષ્ટપણે જણાવેલ છે. આરોપી તર્ફેની ઉલટતપાસ દરમ્યાન સદર ડોક્ટર સાહેદે ભોગ બનનારને તપાસેલ જ નથી કે ભોગ બનનારે તેઓને કોઈ હિસ્ટ્રી જણાવેલ જ નથી તેવી કોઈ હકિકત રેકોર્ડ પર આવેલ નથી. સદર ડોક્ટર સાહેદની જુબાનીથી આંક ૧૮ વાળા મેડિકલ સર્ટીને પણ સમર્થન મળે છે. તબીબી પુરાવા મુજબ ભોગ બનનારના શરીર ઉપર કોઈપણ જાતની આંતરીક કે બાહય ઈજા જોવા મળેલ નથી, પરંતુ હાલના કેસમાં શારીરિક સતામણી અને જાતિય સતામણીના આક્ષેપો છે તે સંજોગોમાં કોઈ શારીરિક ઈજા જોવા ન મળે તે સ્વાભાવિક છે. આમ, ભોગ બનનારના પુરાવાને તબીબી પુરાવાથી પણ સમર્થન મળેલ છે.

**૩૫.** હવે, ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાના પંચનો પુરાવો જોવામાં આવે તો, **સાહેદ નં.૦૮ તરીકે રધુનાથભાઈ મંગલજીભાઈ ભોઈને આંક-૩૦ થી** તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં તેઓની હાજરીમા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ થયેલ હોવાનુ જણાવે છે. આરોપી તર્ફે સદર પંચસાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામા આવેલ છે પરંતુ તેઓની હાજરીમા પંચનામુ થયેલ જ નથી તેવી કોઈ હકિકત ઉલટતપાસ દરમ્યાન બહાર કઢાવી શકેલ નથી. આમ, સદર પંચની જુબાનીથી ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકત પુરવાર થાય છે.

**૩૬.** હવે, ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચનો પુરાવો જોવામાં આવે તો**, સાહેદ નં.૦૯ તરીકે ગણેશભાઈ શંકરભાઈ ભોઇને આંક–૩૨ થી** તપાસેલા છે જેઓએ સરતપાસમાં આંક–૩૩ થી રજુ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થનકર્તા પુરાવો આપેલ છે અને તેઓની હાજરીમા પોલીસે કપડા કબજે કરેલ હોવાનુ જણાવે છે. જ્યારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં પોલીસે તેમની રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરેલ નથી માત્ર સહી કરાવેલી તેમ કબુલ રાખેલ છે. પોલીસે તેઓની હાજરીમા કપડા કબજે કરેલ હોવાનુ સદર પંચસાહેદ સરતપાસમા સ્પષ્ટપણે જણાવે છે. બચાવપક્ષે આ હકિકતને ઉલટતપાસમા પડકારેલ નથી. વધુમા સદર કેસનો નિર્ણય માત્ર સદર પંચસાહેદની જુબાની આધારે કરવાનો નથી. જેથી પોલીસે કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનુ સદર સાહેદ કબુલ રાખતા હોવા માત્રથી તેઓ રુબરુ પંચનામુ થયેલ જ નથી તેમ માની શકાય નહી.

**૩૭.** હવે, આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચનો પુરાવો જોવામાં આવે તો**, સાહેદ નં.૧૦ તરીકે પ્રદિપભાઈ ભાવસીંગભાઈ બીલવાળને આંક–૩૮ થી** તપાસેલા છે જેઓએ સરતપાસમાં આંક–૩૯ થી રજુ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થનકર્તા પુરાવો આપેલ છે. અને તેઓની હાજરીમા પોલીસે આરોપીના કપડા કબજે કરેલ હોવાનુ જણાવે છે. બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં પોલીસે કપડા બતાવેલ અને સહી કરાવેલી તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી તેમ કબુલ રાખેલ છે. પોલીસે સદર પંચસાહેદની હાજરીમા આરોપીના કપડા કબજે કરેલ હોવાની હકિકત બચાવપક્ષ સુચક પ્રશ્નોથી કબુલ રાખે છે. જેથી પંચસાહેદની જુબાનીથી પંચનામાની હકિકતોને સમર્થન મળે છે.

૩૮. ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૩ તરીકે રવિકુમાર જમુભાઈ ગામીત, પી.આઈ. ઝાલોદ પો.સ્ટેશનાને આંક-૪૩ થી** તપાસેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓને તપાસ મળતા તેઓએ પોતાની ફરજમા આવતી કાર્યવાહી કરેલ હોવાનુ તથા બે સ્વતંત્ર પંચોની હાજરીમાં ભોગ બનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું, ભોગ બનનારની શરીર સ્થીતીનું અને ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામા કરેલ, ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવેલી જેના સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલા.ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવવા નગરપાલીકા ગોધરાને યાદી કરેલી, આરોપીને અટક કરી નિવેદન લીધેલ તેમજ બે સ્વતંત્ર પંચોની હાજરીમાં આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ કરેલ, આરોપીની મેડીકલ તપાસણી કરાવેલી જેના સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલા. ફરીયાદી, ભોગ બનનાર તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબના નિવેદન લેવાની કાર્યવાહી કરેલ, કબજે કરેલ મુદામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે મોકલી આપેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવે છે. વધુમાં ફરીયાદી, ભોગ બનનાર તથા અન્ય સાહેદોના નિવેદનોમાં આરોપીએ ભોગ બનનારને ફરીયાદીના વાલીપણામાંથી લઈ થઈ તેની સાથે છેડછાડ કર્યાની હકીકત જણાવેલ છે તેમ જણાવેલ છે. આરોપી તર્ફે સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરેલ છે પરંતુ ખોટી કે ખામીયુક્ત તપાસ કરેલ હોય તેવો કોઈ બચાવ લેવામા આવેલ નથી.

૩૯. ઉપરોકત તપાસ કરનાર અમલદારનો પુરાવો જોવામા આવે તો તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો વિસ્તૃત પુરાવો રજુ રાખેલ છે. તપાસ કરનાર અમલદારના પુરાવા થકી આંક-૪૪

થી આંક–૪૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. સદર પોલીસ સાહેદ કે જેઓએ પોતે કરેલ કામગીરી અંગેની વિસ્તૃત છણાવટ કરતી જુબાની રજુ રાખેલ છે, તેમાં એવી કોઈ મહત્વની ક્ષતિ કે ખામી હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતુ નથી કે જેથી પ્રોસીકયુશનના મુળ કેસને અસર કરતા હોય. વળી ભોગ બનનારના પુરાવાને પોલીસ સાહેદોના પુરાવાથી પુષ્ટી મળે છે. વધુમાં ત.ક.અ. દ્બારા તપાસમાં કોઇ ખામી કે ક્ષતી રાખવામાં આવેલ હોય એટલે કે **Faulty Investigation or Defective Investigation** હોય તો પણ તેનો લાભ આરોપીને મળી શકે નહી. હાલના કામે ત.ક.અ. દ્બારા તપાસમાં કોઇ ખામી કે ક્ષતી રાખવામાં આવેલ હોય તેવી કોઇ હકિકત રેકોર્ડ પર આવેલ નથી. વધુમા ભોગ બનનારનો પુરાવો સ્પષ્ટ રીતે **creditworthy, reliable and trustworthy** હોય તેમજ આ હકીકત ભોગ બનનારના પુરાવા થકી પુરવાર થયેલ હોય ત્યારે જે હકીકત એક વખત પુરવાર થયેલ હોય તેને ફરીથી અન્ય સાહેદના પુરાવા થકી પુરવાર કરવાની જરૂરી નથી. આગળ ચર્ચા કર્યા પ્રમાણે ભોગ બનનારના પુરાવા સંદર્ભે કોઇપણ પ્રકારની ખાસ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ નથી. ભોગ બનનારે અદાલત સમક્ષ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તેમાં શંકા ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી. વધુમાં, બચાવ પક્ષે એવી પણ તકરાર નથી કે પોલીસ સાહેદને આરોપી સામે કોઇ વેરભાવ કે દ્બેષ કે મનદુઃખ કે દુશ્મનાવટ હોય તેવી કોઇ માનવાલાયક હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરેલ નથી. માત્ર ખોટો કેસ કરેલ છે તેવી તકરાર માત્રથી તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને શંકાસ્પદ માની શકાય નહી. સ્થાપિત સિધ્ધાંતો મુજબ પોલીસ અધિકારી એ પણ એક સાહેદ છે તેના પુરાવા પર આધાર રાખીને પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આ કાયદાકીય પરીસ્થીતીને ધ્યાનમાં લેતા તપાસમા ખામી રાખવામાં આવેલ હોય ત્યારે તપાસ કરનાર

અમલદારની ભુલના કારણે ભોગ બનનારનો માનવાલાયક પુરાવો ફગાવી દઇ શકાય નહી. જ્યારે હાલના કેસમા તપાસમા કોઇ ખામી હોવાનુ પણ રેકોર્ડ પર આવેલ નથી.

**૪૦.** આરોપી તર્ફે બચાવ લીધેલ છે કે ફરીયાદીએ તથા અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી, જેથી સદર સાહેદોની જુબાની ઉપરથી આ કામના આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી. રેકોર્ડ જોતા સદર સાહેદો નજરે જોનાર સાહેદો નથી પરંતુ બનાવ બાદ તુરંત ભોગ બનનારને પુછતા ભોગ બનનારે સમગ્ર બનાવની હકીકત તેઓને જણાવેલી તેમજ ભોગ બનનારે પણ પોતાના પુરાવામા સ્પષ્ટપણે જણાવેલ છે કે તેણીએ બનાવની તમામ હકીકત બનાવ બાદ તુરંત તેણીના માતાપિતાને જણાવેલી. ફરીયાદપક્ષના કેસ મુજબ પણ સદર સાહેદો નજરે જોનાર સાહેદો નથી. બનાવ બાદ ભોગ બનનારે તુરંત રડતા રડતા આવીને બનાવની હકીકત જણાવેલ છે. જેથી સદર સાહેદોની જુબાની તથા તેમનો પુરાવો જોતા તેઓને **સંબધીત તથ્ય અને કાર્ય સાથે સંકળાયેલ સાક્ષી તરીકે ગણવા જોઇએ એટલે કે રેસગેસ્ટે સાહેદો તરીકે ગણવા જોઇએ.** ભારતીય સાક્ષ્ય અધીનીયમની કલમ–૪ માં સમાવેશ થયેલ કાયદાના સિધ્ધાંત અને સામાન્ય રીતે અંગ્રેજી કાયદામા ઓળખાતા રેસગેસ્ટના નિયમ તરીકે જાણીતો છે. વાદગ્રસ્ત ન હોય છતા જે હકિકત વાદગ્રસ્ત હકિકત સાથે એવી રીતે સંકળાયેલી હોય કે તે એક જ બનાવના ભાગરુપ બનતી હોય, તો તે હકીકત પ્રસ્તુત ગણાય પછી ભલે તે એક જ સમયે અને સ્થળે બનેલ હોય કે જુદા જુદા સ્થળે અને સમયે બનેલી હોય. સામાન્ય રીતે સાંભળેલો પુરાવો લાગુ પડતો નથી તેવા સામાન્ય નિયમનો આ નિયમ અપવાદ છે તેમ કહી શકાય. રેસગેસ્ટે સિધ્ધાંતનો મર્મ એ છે કે વિવાદમા ન હોય છતા તે વિવાદી હકિકત સાથે તે વ્યવહારના એક ભાગ બનતી હોય તે રીતે જોડાયેલી હોય તો તે તેટલા માત્રથી જ તે પ્રસ્તુત બની જાય છે. જેથી સદર

સાહેદોની જુબાની તથા તેમનો પુરાવો જોતા તેઓને સંબધીત તથ્ય અને કાર્ય સાથે સંકળાયેલ સાક્ષી તરીકે ગણવા જોઇએ એટલે કે રેસગેસ્ટે સાહેદો તરીકે ગણવા જોઇએ. વધુમા બચાવપક્ષે સદર ફરીયાદી તથા સાહેદોએ જાહેર કરેલ હકીકતોને ગંભીરતાપુર્વક પડકારેલ જ નથી કે તેની સામે કોઇ વાંધા કે તકરાર રજુ કરેલ નથી, જેથી સદર ફરીયાદી તથા સાહેદોની જુબાની ન માનવાને કારણ નથી. જેથી ફરીયાદી તથા સદર સાહેદો નજરે જોનાર સાહેદ ન હોય આરોપીને છોડી મુકવાની બચાવપક્ષની દલીલ માનવા યોગ્ય જણાતી નથી.

**૪૧.** આરોપી તરફે અન્ય બચાવ લીધેલ છે કે, ફરીયાદ પક્ષે સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી, પરંતુ હાલના કામે ભોગ બનનાર, ભોગ બનનારની માતા, ભોગ બનનારના પિતા, ડૉકટર તેમજ તપાસ કરનાર અમલદાર ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ હોય, ફકત સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોવાના માત્ર કારણસર તેઓનો પુરાવો ફગાવી દઇ શકાય નહી. જેથી આરોપી તરફેની હાલની દલીલ માનવા યોગ્ય જણાતી નથી.

**૪૨.** આરોપી તર્ફે અન્ય બચાવ લીધેલ છે કે જો જબરદસ્તી કરેલ હોય તો ભોગ બનનારે બુમાબુમ કરેલ નથી. બચાવપક્ષે આવા બચાવ લઇ ભોગ બનનારની સંમતિ વિરુધ્ધ કોઇ કૃત્ય થયેલ ન હોવાનો આડકતરો બચાવ લીધેલ છે. હાલના કામે ભોગ બનનાર માત્ર **૧૨ વર્ષ, ૯ માસની** હોય જ્યારે આરોપીની ઉમર ૨૧ વર્ષ હોય તે સાપેક્ષમા તેણી ૧૮ વર્ષથી નાની બાળક હોય ત્યારે તેણીની સંમતી કાયદેસરની સંમતી ગણી શકાય નહી અને તે સમયે ભોગ બનનાર તેના માતાપિતાના કાયદેસરના વાલીપણામા હતી અને આરોપીએ સંમતિ વગર ભોગ બનનારનો કબજો ખસેડેલ છે. આ તબ્કકે નામદાર ગુજરાત હાઇકોર્ટનો **Ram Suhani Ram Subhay**

**Bachusihani Maria Versus State of Gujarat reported in 2008 (3) GLH 756** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે, જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠેરવેલ છે કે "When the victim is minor then her consent is immaterial even if the relationship was consensual." હાલના કામે પણ ભોગ બનનાર સગીર છે જેથી જો તેની સમંતિ હોય તો પણ તેની સમંતિ કાયદેસરની સમંતિ ગણી શકાય નહી. આમ, ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ બીએનએસ કલમ -૧૩૭(૨), ધ્યાને લેતા આરોપીએ ભોગ બનનારની મરજીથી કે મરજી વિના તેણીના કાયદેસરના વાલીપણામાથી લઈ ગયેલ હોવાનું પુરવાર કરેલ છે.

૪૩. આ અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટના **State of Gujarat Versus Ashok Mavjibhai Parmar reported in 2018 (4) GLR 3184** ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે,

"The consent of victim below 18 years is immaterial even if there was love relationship and even there was a love affair and relationship was consensual. The Hon'ble Court had discussed the provisions of the act and held that the act of sexual relationship with minor victim girl is attract the offence which provides for stringent punishment under the statute." આમ, ભોગ બનનારે બુમાબુમ કરેલ ન હોવા માત્રથી આવો બનાવ બનેલ જ નથી કે જાતીય હુમલો કરવામા આવેલ જ નથી તેમ માની શકાય નહી. આરોપી તર્ફે અન્ય કોઈ બચાવ લીધેલ નથી.

૪૪. **આમ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનાર સગીર વયની હોવાનુ પુરવાર થયેલ છે. ભોગ બનનાર પોતાની જુબાનીમા આ કામના આરોપીએ તેણીને** કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી લઈ જઈ તેના ઘરના ઉપલા માળે લઈ જઈ, તેણીની સાથે શારીરિક

સતામણી કરી, તેની આબરુ લેવાની કોશીષ કરી, બાથરૂમમાં ગોંધી રાખેલ હોવાની હકિકત સ્પષ્ટપણે જણાવે છે. તે વિરુધ્ધની કોઇ હકિકત બચાવપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી કે ભોગ બનનારની જુબાનીમા શંકા પણ ઉભી કરી શકેલ નથી. વધુમા આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનુ **Dattu Ramrao Sakhare and ors Versus State of Maharashtra, reported as AIRONLINE** 1997 **SC** 182 નો ચુકાદો વંચાણે લેવામા આવે તો તેમા નામદાર સુપ્રિમ કોર્ટે ઠેરવેલ છે કે જો બાળ સાહેદ પ્રશ્નો સમજવા અને તેના તર્ક સંગત જવાબ આપવા સક્ષમ હોય તથા તેની જુબાની વિશ્વસનીય અને સ્વાભાવિક જણાય તો માત્ર તેની જુબાનીના આધારે પણ આરોપીને દોષિત ઠેરવી શકાય છે. હાલના કામે ભોગ બનનાર ની જુબાની પણ વિશ્વસનીય અને સ્વાભાવિક જણાય છે. જેથી તેઓની જુબાનીના આધારે પણ આરોપીને તકસીરવાન ઠેરવવા યોગ્ય લાગે છે. વધુમા ભોગ બનનારના માતા પિતા તથા માસી અને ડોકટર સાહેદ તથા ત.ક.અમલદારની જુબાનીથી પણ ભોગ બનનારની જુબાનીને સમર્થન મળે છે.

**૪૫.** હવે, પોકસો એકટની કલમ-૨૯ અને કલમ-૩૦ ના પરિઘમાં જોવામાં આવે તો ફાઉન્ડેશનલ ફેકટસ અંગેનો માનવાલાયક પુરાવો પ્રોસીકયુશને રજુ રાખ્યા બાદ આરોપી પક્ષે તે અંગેના અનુમાનનું ખંડન કરતો પુરાવો રજુ કરવાનો રહેશે. આ કામે બચાવ પક્ષ તરફથી આરોપીને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ હોવાનો બચાવ લીધેલ છે તે સિવાય અન્ય કોઇ બચાવ લીધેલ નથી. આ કામે ફરીયાદ પક્ષ અને આરોપી પક્ષ વચ્ચે કોઇ મનદુઃખ કે દુશ્મનાવટ હોય કે આરોપીને હાલના ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવા માટેનું કોઇ કારણ હોય તેવી કોઇ માનવાલાયક હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરેલ નથી કે તે અંગેનો કોઇ માનવાલાયક પુરાવો રજુ

કરેલ નથી. સામાન્ય રીતે કોઈપણ માતા-પિતા પોતાની દિકરી જે માત્ર ૧૨ વર્ષ, ૯ માસની છે તેણીના ભવિષ્ય, ઈજ્જત, આબરૂ અને સામાજીક પ્રતિષ્ઠાને દાવ ઉપર મુકીને, કોઇ વ્યકિત સામે બનાવ બનેલ ન હોવા છતાં, ખોટી હકીકત ઉપજાવી કાઢી ફરીયાદ કરે તેવું માની શકાય નહી. આમ, બચાવ પક્ષ તરફે પોકસો એકટની કલમ-૨૯ અને કલમ-૩૦ અન્વયે કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે અને તેથી આરોપીએ પોકસો એકટની કલમ-૮,૧૨ મુજબનું ગુનાહીત કૃત્ય ભોગબનનાર સાથે કરેલાનુ પુરવાર થાય છે.

**૪૬.** બન્ને પક્ષોની રજુઆતો તથા ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓની હકિકતો ધ્યાને લેવામાં આવે તો સદર કેસમાં આરોપી સામેનો આક્ષેપ એવો રહેલ છે કે આરોપીએ ભોગબનનારને કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી લઈ જઈ તેના ઘરના ઉપલા માળે લઈ જઈ, તેણીની સાથે શારીરિક સતામણી કરી, તેની આબરુ લેવાની કોશીષ કરી, બાથરૂમમાં ગોંધી રાખેલ તે મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ જે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. ભોગબનનાર બનાવ સમયે ૧૮ વર્ષથી નીચેની વયના એટલે કે, સગીર વયના હોવાનું પુરવાર થયેલ છે તેમજ તેની સાથે આરોપીએ શારીરિક સતામણી કરી, તેની આબરુ લેવાની કોશીષ કરેલાનુ પણ રેકર્ડ ઉપરના પુરાવા તથા ભોગ બનનારના મૌખિક પુરાવા કે જે શ્રેષ્ઠ કક્ષાના પુરાવામાં આવે છે તેનાથી પુરવાર થયેલ છે ત્યારે આરોપીએ ભોગબનનાર સાથે કરેલ કૃત્ય પોકસો એકટની કલમ-૮,૧૨ ની જોગવાઈને ધ્યાને લેતા ભોગ બનનાર સાથે જાતિય હુમલો કરેલાની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

**૪૭.** નોંધનીય છે કે, બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમા આરોપીએ

તેઓ સામે ફરીયાદ પક્ષ દ્વારા ખોટા આક્ષેપો કરી, ખોટી ફરીયાદ કરી હાલના ગુનામાં સંડોવી દીધેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તે સિવાય ખાસ કોઈ મહત્વનો બચાવ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી કે જેથી પ્રોસીકયુશનનો કેસ શંકાસ્પદ બને. આમ, આરોપી પક્ષ તરફથી પોકસો એકટની **કલમ ૨૯ અને કલમ ૩૦** અન્વયે કાયદાકીય અનુમાનનુ ખંડન થાય તેવો કોઈ માનવાલાયક પુરાવા રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, ઉપરોકત વિગતવારની ચર્ચાના અંતે આ અદાલત પુખ્ત વિચારણાના અંતે એવા નિષ્કર્ષ પર આવે છે કે, ફરીયાદીની ભોગ બનનાર દીકરી કે જેની બનાવ સમયે ઉંમર ૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસનાનીને આ કામના આરોપીએ મોઢુ દબાવી ઘરના ઉપલા માળે લઈ જઈ શારીરિક છેડછાડ તથા ખેંચતાણ કરી આબરૂ લેવાની કોશીષ કરી, આરોપીના ઘરના બાથરૂમમાં ગોંધી રાખી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮, ૧૨, મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમા તકસીરવાન ઠેરવવામા આવે છે અને આરોપીને સજા ફરમાવતા પહેલા સાંભળવા જરુરી હોય સજાના મુદે આરોપીને સાંભળવા પર કામ મુલતવી રાખવામા આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખઃ ૨૪થી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્રી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૪.૦૭.૨૦૨૬**
સ્થળ: દાહોદ

**( હેમુ પ્રિતેશ પટેલ)**
સ્પેશ્યલ જજ(પોકસો) અને
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
દાહોદ–GJ00992

## <u>સજાના મુદા સંદર્ભે વધુ આદેશ</u>

**૪૮.** સજાના મુદ્ધા સંદર્ભે આરોપીની રૂબરૂમા રજુઆત સાંભળી તેમજ આરોપીના વિ. વ. શ્રી હઠીલાનાઓની રજુઆત સાંભળી. વિ.વ.શ્રી તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે આરોપી કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે તેમજ કુટુંબની ભરણપોષણની જવાબદારી છે તેમજ ફરીયાદીએ દ્રેષભાવ રાખી હાલની ફરીયાદ કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ ઓછામાં ઓછી કરવા વિનંતી કરેલ છે.

**૪૯.** જયારે વિ.એ.પી.પી.શ્રી લાલપુરવાલાનાઓ તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ભોગ બનનાર **૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની** હતી અને આરોપી પોતે ૨૧ વર્ષનો ઉમરલાયક વ્યક્તિ છે. ભોગ બનનાર સગીર વયની છે તેવુ જાણતો હતો અને માનતો હતો તેમ છતાં સગીરને કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી લઈ જઈ તેના ઘરના ઉપલા માળે લઈ જઈ, તેણીની સાથે શારીરિક સતામણી કરી, તેની આબરુ લેવાની કોશીષ કરી, બાથરૂમમાં ગોંધી રાખેલ છે. વધુમાં દિન પ્રતિદિન આવી નાની વયની બાળાઓની સાથે બળાત્કાર અને જાતીય સતામણીના કિસ્સાઓનુ પ્રમાણ વધી રહેલ છે. સમાજમાં સંદેશો પહોંચે અને દાખલો બેસે તે હેતુ સારુ આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા અને દંડ તથા ભોગ બનનારને યોગ્ય રકમનુ વળતર ચુકવવા અરજ ગુજારેલ છે.

**૫૦.** ઉભય પક્ષકારોની રજુઆત સાંભળી. પ્રસ્તુત કેસમાં આરોપીને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ની કલમ–૮ તથા ૧૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. ઉભય પક્ષકારો તરફથી કરવામાં

આવેલ રજુઆતો, સજા બાબત, કાયદાકીય પ્રસ્થાપિત સજાનો હેતુ, આ પ્રકારનો ગુનો અટકે અને સમાજમાં બાળાઓ સુરક્ષિત રહી શકે તે જોવાની અદાલતની પવિત્ર ફરજ બની રહે છે તે સંજોગોમાં આરોપીને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૦૧ નો લાભ મળી શકે નહી. આ કામના આરોપીએ ભોગ બનનારને કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી લઇ જઇ તેના ઘરના ઉપલા માળે લઇ જઇ, તેણીની સાથે શારીરિક સતામણી કરી, તેની આબરુ લેવાની કોશીષ કરી, બાથરૂમમાં ગોંધી રાખેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલી હોય ત્યારે આરોપીને કાયદામાં ઠરાવેલ યોગ્ય તે સજા કરવી તે અદાલતની ફરજ બની રહે છે. પ્રસ્તુત પ્રકરણમાં આરોપી પોતે ૨૧ વર્ષનો પુખ્ત વયનો પુરુષ છે અને ભોગ બનનાર માત્ર **૧૨ વર્ષ, ૦૯ માસ, ૨૩ દિવસની** છે અને તેણી સગીર વયની છે તેવી હકીકત જાણતો હોવા છતા આવી સગીર દીકરીને મોઢુ દબાવી જોર જબરજસ્તીથી ખેંચીને તેના ઘરના ઉપરના માળે લઇ જઇ છાતી દબાવી, કીસ કરી છેડછાડ કરી શારીરિક ખેંચતાણ કરી કાયદેસરના વાલીપણમાથી ઉપાડી ગયેલ છે. આરોપી ભોગ બનનારના પાડોશી છે. જ્યારે પાડોશી જ આવી સગીર વયની દીકરી ઉપર જાતીય્ર હુમલો કરે ત્યારે આવી સગીર દિકરીઓ પોતાના ઘર પાસે પણ સુરક્ષીત રહી શકે તેમ નથી. વળી સમાજમાં દિન પ્રતિદિન કુમળી વયની બાળાઓ સાથે શારીરિક જાતીય સતામણી અને બળાત્કારના કિસ્સાઓના પ્રમાણમાં આંખે ઉડીને વળગે તેવો વધારો થઇ રહેલ છે. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨નો મુખ્ય આશય આવા જાતીય શોષણ સામે બાળકોને રક્ષણ પુરૂ પાડવાનો છે. તેથી આરોપીને સજા ફરમાવતી વખતે કાયદાનો મુખ્ય આશય આરોપી તરફથી રજુ થયેલ એગ્રેવેટીવ અને મીટીગેટીંગ સંજોગોને ધ્યાનમાં રાખીને સાથે નામદાર સર્વોચ્ચ અદાલતના સંખ્યાબંધ ચૂકાદાઓથી સજા સંદર્ભેની માર્ગદર્શિકાઓ આપવામાં આવેલી છે તે ધ્યાનમાં

રાખીને આક્ષેપોને સુસંગત યોગ્ય સજા કરવાની રહે છે.

**૫૧.** અત્રે નોંધવું જરૂરી છે કે આરોપીને જે ગુનાઓમા તકરીરવાન ઠેરવવામા આવેલ છે તેમા મહત્મ સજાની જોગવાઈ ૧૦ વર્ષ છે. જેથી આરોપીને બહુ વધારે નહી અને બહુ ઓછી નહી તેવી સજા કરવામા આવશે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. અત્રે નોંધવું જરૂરી છે કે બાળકોને જાતિય સતામણીથી રક્ષણ આપતા કાયદાની કલમ–૩૩(૮) સાથે નિયમ–૭ અન્વયે આ અદાલતને ખાસ અદાલત તરીકે ડેઝીગ્નેટેડ કરવામાં આવેલ છે. ભોગ બનનારને વળતર ચુકવી આપવું ન્યાયોચિત જણાય છે. ભોગ બનનાર સાથે આરોપીએ જાતિય હુમલો કરેલ છે. જેથી કરીને ભોગ બનનાર અને તેના પરિવારજનોને માનસિક આધાત લાગેલ છે અને ભોગ બનનારને તેમજ તેના પરિવારજનોને માનસિક યાતના ભોગવવી પડેલ છે તે ધ્યાને લેતા ભોગ બનનારને વળતર પેટે રૂ.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ચુકવી આપવા એ યોગ્ય, વાજબી, ઉચિત હોવાનું આ અદાલતનું માનવું છે સાથે સાથે એ પણ નોંધવું ઘટે કે ભોગ બનનાર કે તેના પરિવારજનોને સરકારશ્રીની કોઈપણ યોજના અન્વયે જો કોઈ વળતર પ્રાપ્ત થયેલ હોય તો તે રકમ આ વળતરની રકમમાંથી મજરે ગણવાની રહેશે. જે સબબ ન્યાયના હિતમાં ઉપરોકત મુદા નં.૩ નો જવાબ ઉપરોકત પ્રમાણે કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## **––// આખરી હુકમ // ––**

**૧.** આથી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ–૨૫૮(૨) અન્વયે આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઈ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની

કલમ- ૧૩૭(૨), ૭૪, ૭૫, ૧૨૭(૨), ૮૭ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ની કલમ-૮ તથા ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઇ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૭ સાથે વાંચતા કલમ- ૮ મુજબના ગુના સબબ ૫ (પાંચ વર્ષની) સખત કેદની સજા અને રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ત્રણ (૦૩) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઇ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની કલમ- ૧૧ સાથે વાંચતા કલમ- ૧૨ તેમજ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૭૫ મુજબના ગુના સબબ ૩ (ત્રણ વર્ષની) સખત કેદની સજા અને રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ત્રણ (૩) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઇ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૦૫(પાંચ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ (૦૩) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઈ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૮૭ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૦૫(પાંચ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ (૦૩) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૬. આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઈ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૨૭(૨) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૦૬(છ) માસની સખત કેદની સજા કરવામાં આવે છે.

૭. આ કામના આરોપી **સાહિલ ઉર્ફે શેહબાજ આરીફભાઈ સીતા,** રહે.ઝાલોદ, ખાંટવાડા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની કલમ– ૮ અન્વયે મેજર ગુનામાં સજા ફરમાવેલ હોય ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૪ મુજબના ગુનામાં અલગથી કોઈ સજા કરવાનો હુકમ કરવામાં આવતો નથી.

૮. આરોપીને કરવામા આવેલ કુલ દંડની રકમ રુપિયા ૩૫૦૦૦/– (૧૦૦૦૦/– + ૧૦૦૦૦/– + ૧૦૦૦૦/– + ૫૦૦૦/– ) (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરા) માંથી રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) બી.એન.એસ.એસ. કલમ ૩૯૫ (૧) (એ) અન્વયે ભોગ બનનારને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે

૯. બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૭ મુજબ આરોપીએ તમામ સજાઓ એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૦. બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ આરોપીએ જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં ભોગવેલ હોય તે સમય મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૧૧. આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્ધામાલનો બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૮ અન્વયે અપિલ સમય પુરો થયેથી ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ અનુસાર નિકાલ કરવો અને જો અપિલ થાય તો નામ. અપિલ અદાલતના હુકમ મુજબ વર્તવું.

૧૨. બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ આ ચુકાદાની એક નકલ આરોપીને તાત્કાલિક વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

૧૩. ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમો તથા શીડયુલના અનુક્રમ નંબર–૯ તેમજ નિયમ–૯(૫) અન્વયે રૂા.૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા) વળતર તરીકે ચુકવવા.

૧૪. ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના ૨૦૧૯ નાં નિયમોના નિયમ ૧૦ અનુસાર આ ચુકાદાની એક ખરી નકલ ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫૧૫૨૫/૨૦૨૫ના તપાસ કરનાર અમલદાર તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ જિલ્લા ન્યાયાલય દાહોદને જાણ સારુ તથા યોગ્ય તે કાર્યવાહી માટે આ હુકમની એક નકલ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૫.** ભોગ બનનારને આ ગુનાના અનુસંધાને અગાઉ જોઈ કોઈ વળતર ચુકવવામાં આવેલ હોય તો તે રકમ આ વળતરમાથી બાદ કરવી.

**૧૬.** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ અન્વયે આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ, દાહોદનાઓને જાણ થવા સારુ મોકલી આપવી.

**૧૭.** આરોપી હાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોય, આરોપીને ફરમાવેલ સજા અંગેનું સજા વોરંટ ભરી જેલ ઓથોરીટી સમક્ષ મોકલી આપવું.

આ ચુકાદો આજરોજ તારીખઃ૨૪મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૪.૦૭.૨૦૨૬**
સ્થળ: દાહોદ

**( હેમુ પ્રિતેશ પટેલ)**
સ્પેશ્યલ જજ(પોકસો) અને
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
દાહોદ–GJ00992